

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 067
Dt.: 17-11-2026, Tuesday
Page : 04
Rs.00.50 paisa
AHMEDABAD EDITION

છૂટક બાદ જથ્થાબંધ મોંઘવારીએ મૂકી માઝા

હોલસેલ મોંઘવારી દર ૧૨.૨૯ ટકાને પાર, ઓક્ટોબરમાં જથ્થાબંધ મોંઘવારીમાં ઉછાળો

ઉત્પાદન ક્ષેત્રે ઇંધણ અને પરિવહન મોંઘા થવાને કારણે ફેક્ટરીઓથી લઈને સ્થાનિક બજાર સુધી માલસામાન પહોંચાડવાનો ખર્ચ અનેકગણો વધી ગયો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં વધી રહેલી મોંઘવારીના મોરચે અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧૨.૨૯ ટકા પર પહોંચી ગયો છે. ઇંધણ અને ખાદ્ય ચીજોના સતત વધતા ભાવોને કારણે સપ્ટેમ્બરના ૧૧.૩૯ ટકાની સરખામણીએ આ મોટો ઉછાળો નોંધાયો છે, જેનાથી સામાન્ય નાગરિકોના પારિવારિક બજેટ પર ભારે આર્થિક ભારણ વધી ગયું છે.ભારતીય અર્થતંત્ર અને સામાન્ય જનતા માટે ચિંતા ઊભી કરે તેવા તાજેતરના આંકડાઓ અનુસાર, ઓક્ટોબર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) વધીને ૧૨.૨૯ ટકાના સ્તરે પહોંચી ગયો છે. અગાઉ સપ્ટેમ્બર મહિનામાં આ દર ૧૧.૩૯ ટકા નોંધાયો હતો, એટલે કે માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં હોલસેલ મોંઘવારીમાં સીધો ૦.૯૦ ટકાનો વધારો થયો છે. સૌથી નોંધનીય અને ગંભીર બાબત એ છે કે સતત ત્રીજા મહિને જથ્થાબંધ મોંઘવારીમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે બજારમાં રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ, ખાદ્ય સામગ્રી અને અન્ય વપરાશી ચીજો અત્યંત મોંઘી બની ગઈ છે.

આ આખી મોંઘવારી પાછળ સૌથી મોટો અને મુખ્ય ફાળો ઇંધણ અને વીજળીના ક્ષેત્રનો રહ્યો છે. પ્રાપ્ત સત્તાવાર વિગતો મુજબ, ઇંધણ અને વીજળીની મોંઘવારી વધીને સીધી ૩૨.૮૪ ટકાના ઊંચા સ્તરે પહોંચી ગઈ છે, જ્યારે સપ્ટેમ્બર મહિનામાં આ જ આંકડો ૨૫.૮૫ ટકા પર હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ઊર્જા સંસાધનો અને ફૂડ ઓઈલની અસ્થિરતા તથા ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને કારણે વીજળી અને ઇંધણના ભાવમાં ભયાનક ઉછાળો આવ્યો છે, જેણે સમગ્ર દેશમાં માલસામાનના ઉત્પાદન અને પરિવહન ખર્ચને સીધો પ્રભાવિત કર્યો છે. ઉત્પાદન ક્ષેત્રે ઇંધણ અને પરિવહન મોંઘા થવાને કારણે ફેક્ટરીઓથી લઈને સ્થાનિક બજાર સુધી માલસામાન પહોંચાડવાનો ખર્ચ અનેકગણો વધી ગયો છે. તેની સીધી અસર જથ્થાબંધ બજાર પર પડી છે અને વેપારીઓ તથા ઉત્પાદકો દ્વારા આ વધારાનો આર્થિક બોજ અંતિમ ગ્રાહકો એટલે કે સામાન્ય જનતા પર નાખવામાં આવી રહ્યો છે. દૈનિક ઉપયોગની વસ્તુઓ, શાકભાજી, અનાજ અને અન્ય આવશ્યક ચીજોના ભાવ વધવાથી મધ્યમ વર્ગ અને શ્રમજીવી પરિવારોના માસિક બજેટ પર ભારે દબાણ સર્જાયું છે.

જથ્થાબંધ મોંઘવારી દરનો આ બેકાબૂ ઉછાળો દેશના અર્થતંત્ર અને નાગરિકોના આર્થિક સ્વાસ્થ્ય માટે ગંભીર સંકેત આપે છે. જો સરકાર અને નીતિઘડવૈયાઓ દ્વારા ઇંધણ, વીજળી અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવને નિયંત્રિત કરવા માટે કોઈ નક્કર તથા શીઘ્ર પગલાં નહીં ભરાય, તો આગામી સમયમાં મોંઘવારીનો આ માર વધુ અસહ્ય અને વ્યાપક બનશે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનો દબદબો યથાવત

જય શાહ બીજી વખત ICCના ચેરમેન બન્યા

બાલીમાં યોજાયેલી ICCની બેઠકમાં બિનહરીફ વરણી; ૩૬ વર્ષની ઉંમરે પ્રથમ વખત સંભાળ્યું હતું ચેરમેનપદ



(સંપૂર્ણ સમાચાર સેવા)બાલી

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં ભારતીય ક્રિકેટ પ્રશાસક જય શાહનો પ્રભાવ યથાવત્ રહ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના ચેરમેન તરીકે ફરી એકવાર જય શાહની પસંદગી કરવામાં આવી છે.

બાલીમાં યોજાયેલી ICCના ડિરેક્ટર્સની બેઠકમાં તેમના નામ પર સર્વસંમતિ સધાતાં તેમની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ સાથે જય શાહ બીજી વખત ICCના ચેરમેન તરીકે જવાબદારી સંભાળશે. બાલીમાં યોજાયેલી ICCની બેઠકમાં ડિરેક્ટર્સ દ્વારા જય શાહના નામનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

ચેરમેનપદ માટે તેમની સામે અન્ય કોઈ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નહોતી. પરિણામે તેમની બિનહરીફ પસંદગીનો માર્ગ મોકળો થયો હતો. ICC દ્વારા પણ સત્તાવાર રીતે તેમની પુનઃવરણીની જાહેરાત કરવામાં આવી હતી. બીજી વખત ચેરમેન તરીકે પસંદગી થતાં જય શાહે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે આ જવાબદારીને ગૌરવની બાબત ગણાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે વિશ્વભરમાં ક્રિકેટનો વ્યાપ વધારવા માટે ICCના સભ્યો સાથે મળીને કામ કરશે. જય શાહે વધુમાં જણાવ્યું હતું કે હાલનો સમય ક્રિકેટ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ક્રિકેટનું ભવિષ્ય મજબૂત બનાવવા માટે માત્ર મોટી ટૂર્નામેન્ટનું આયોજન કરવું પૂરતું નથી, પરંતુ રમતને વૈશ્વિક સ્તરે વધુ લોકપ્રિય બનાવવી અને તેના વિકાસ માટે લાંબા ગાળાની યોજનાઓ ઘડવી પણ જરૂરી છે. ઉલ્લેખનીય છે કે જય શાહે વર્ષ ૨૦૨૪માં પ્રથમ વખત ICCના ચેરમેન તરીકે જવાબદારી સંભાળી હતી. માત્ર ૩૬ વર્ષની ઉંમરે આ પદે પહોંચીને તેઓ ICCના સૌથી યુવા ચેરમેન બન્યા હતા.

હવે બીજી વખત તેમની પસંદગી થતાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત બન્યું છે. જય શાહ પહેલાં ભારતના ચાર દિગ્ગજ ક્રિકેટ પ્રશાસકો ICCના ચેરમેનપદે રહી ચૂક્યા છે. જેમાં જગમોહન દાલમિયા, શરદ પવાર, એન. શ્રીનિવાસન અને શશાંક મનોહરનો સમાવેશ થાય છે. આ રીતે જય શાહ આ વૈશ્વિક ક્રિકેટ સંસ્થાનું નેતૃત્વ કરનારા પાંચમા ભારતીય બન્યા છે.

જય શાહની પુનઃવરણીથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના વહીવટમાં ભારતીય પ્રતિનિધિત્વનું મહત્ત્વ ફરી એકવાર સામે આવ્યું છે. આગામી કાર્યકાળમાં ક્રિકેટને વધુ દેશો સુધી પહોંચાડવા અને વૈશ્વિક સ્તરે રમતનો વ્યાપ વધારવા પર તેમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેશે.

બિલ્કિસ બાનો કેસમાં સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

બિલ્કિસ બાનો કેસમાં બે દોષિતોને જામીન, આજીવન કેદની સજા પર રોક

૧૭ વર્ષથી વધુ સમય જેલમાં વિતાવ્યાની દલીલ ગ્રાહ્ય રાખી; દોષિત ઠરાવવાના મુદ્દે અપીલની સુનાવણી ચાલુ રહેશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિલ્કિસ બાનો સામૂહિક દુષ્કર્મ અને તેમના પરિવારના સભ્યોની હત્યાના ચકચારી કેસમાં સુપ્રીમ કોર્ટે બે દોષિતોને મોટી રાહત આપી છે. સર્વોચ્ચ અદાલતે બિપિનચંદ્ર કનૈયાલાલ જોશી અને પ્રદીપ રામલાલ મોઢિયાની આજીવન કેદની સજા પર રોક લગાવી તેમની જામીન અરજીઓ મંજૂર કરી છે. બંને દોષિતો ૧૭ વર્ષથી વધુ સમય જેલમાં વિતાવી ચૂક્યા છે. જોકે, તેમની દોષિતતા સામેની અપીલનો અંતિમ નિર્ણય હજુ બાકી છે.જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની ખંડપીઠે સોમવારે આ ચુકાદો આપ્યો હતો. બંને દોષિતોએ બોમ્બે હાઈકોર્ટના વર્ષ ૨૦૧૭ના ચુકાદાને પડકારતી અરજીઓ દાખલ કરી હતી. આ ચુકાદામાં ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલી આજીવન કેદની સજા અને દોષિત ઠરાવવાના નિર્ણયને યથાવત રાખવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન દોષિતો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે બંને આરોપીઓ ૧૭ વર્ષથી વધુ સમયથી જેલમાં છે. તેમણે એવો પણ મુદ્દો રજૂ કર્યો હતો કે બંનેમાંથી એક દોષિત ગંભીર દિવ્યાંગતા ધરાવે છે. આ ઉપરાંત, એક દોષિતનું નામ પ્રારંભિક એફઆઈઆરમાં નહોતું અને ઘટનાના આશરે ત્રણ વર્ષ બાદ તેને કેસમાં સામેલ કરવામાં આવ્યો હતો.ખંડપીઠે નોંધ્યું હતું કે દોષિતોની અપીલમાં એવા કાનૂની અને તથ્યાત્મક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે, જેના પર વિગતવાર વિચારણા જરૂરી છે. લાંબા સમયથી જેલમાં રહેવું અને એક દોષિતની ગંભીર દિવ્યાંગતા સહિતના સંજોગોને ધ્યાનમાં રાખીને કોર્ટે રાહત આપી હતી.સરકાર તરફથી એડિશનલ સોલિસિટર જનરલ રાજા ઠાકરેએ જામીનનો સખત વિરોધ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટ અને બોમ્બે હાઈકોર્ટ બંને આ કેસના પુરાવાઓની વિસ્તૃત તપાસ કરી ચૂક્યાં છે. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દોષિતોને રાહત ન આપવી જોઈએ તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે બંને દોષિતોની અપીલમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અને અન્ય સંજોગોને ધ્યાનમાં રાખીને તેમની સજા પર રોક લગાવી જામીન મંજૂર કર્યા હતા. જામીન માટેની શરતો નક્કી કરવાની જવાબદારી કોર્ટે સંબંધિત ટ્રાયલ કોર્ટને સોંપી છે.

વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા રમખાણો દરમિયાન આ હૃદયદ્રાવક ઘટના બની હતી. તે સમયે ૨૧ વર્ષીય બિલ્કિસ બાનો પાંચ મહિનાની ગર્ભવતી હતાં. રમખાણો દરમિયાન તેમના પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું અને તેમના પરિવારના સાત સભ્યોની હત્યા કરવામાં આવી હતી. મૃતકોમાં તેમની ત્રણ વર્ષની પુત્રીનો પણ સમાવેશ થતો હતો. વર્ષ ૨૦૦૮માં મુંબઈની વિશેષ અદાલતે આ કેસમાં ૧૧ આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ બોમ્બે હાઈકોર્ટે પણ તેમની સજા યથાવત રાખી હતી.૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગુજરાત સરકારે આ કેસના ૧૧ દોષિતોને સજા માફી આપીને જેલમાંથી મુક્ત કર્યા હતા. જોકે, ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારનો આ નિર્ણય રદ કર્યો હતો. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે દોષિતોને સમય પહેલાં મુક્ત કરવાનો નિર્ણય લેવાની સત્તા ગુજરાત સરકાર પાસે નહોતી. ત્યારબાદ તમામ ૧૧ દોષિતોને ફરી જેલમાં પરત ફરવું પડ્યું હતું.

લલિત મોદીને બ્રિટનની નાગરિકતા, ભારતની ચિંતા

બ્રિટિશ નાગરિક બન્યા લલિત મોદી, ભારત પ્રત્યાર્પણની પ્રક્રિયામાં મુશ્કેલી

૧૫ સપ્ટેમ્બરે મળી નાગરિકતા, મની લોન્ડરિંગ અને FEMA કેસ વચ્ચે ભારત લાવવાના પ્રયાસોને પડકાર મળશે



(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

કૌભાંડી લલિત મોદી ભારત છોડીને વિદેશ ગયાને ૧૬ વર્ષ વીતી ગયા છે. સરકાર હજુસુધી તેને પરત ભારત લાવવાની વાતો કરી રહી છે એવામાં લલીત મોદીએ બ્રિટનની નાગરિકતા મેળવી લીધી છે. ૧૫મી સપ્ટેમ્બરના રોજ તેને બ્રિટનની નાગરિકતા મળી હતી જેની જાહેરાત લલિત મોદીએ તાજેતરમાં એક કાર્યક્રમમાં કરી હતી. મની લોન્ડરિંગ સહિતના આરોપોનો સામનો કરી રહેલ લલિત મોદીને હવે ભારત લાવવાની પ્રક્રિયા વધુ જટીલ બની શકે છે.કૌભાંડી અને ભાગેડુ જાહેર કરાયેલા લલિત મોદીએ શનિવારે જાહેર કર્યું કે તેણે ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૬ના દિવસે સત્તાવાર રીતે બ્રિટિશ નાગરિકત્વ મળ્યું છે. મારા માટે આ જીવનની ગર્વોન્નત ક્ષણ હતી. ૧૪મી નવેમ્બરે ઓક્સફર્ડ યુનિયનમાં બોલતી વખતે તેણે આ માહિતી આપી હતી. અને કહ્યું કે બ્રિટિશ નાગરિકત્વ મળતાં મેં મારાં કુટુમ્બીજનો અને મિત્રો સાથે ઉજવણી કરી હતી. લલિત મોદીએ વધુમાં કહ્યું કે બ્રિટન વર્ષોથી મારું ઘર રહ્યું છે.કૌભાંડી અને આઇપીએલના સ્થાપક તેમજ પૂર્વ ચેરમેન લલિત મોદીએ કહ્યું હતું કે બ્રિટનના લોકો, સંસ્થાઓ અને પરંપરાઓને હું સન્માનથી જોઉં છું. બ્રિટિશ નાગરિક બનવું તે માત્ર વિશેષાધિકાર જ નથી પરંતુ એક જવાબદારી પણ છે. અને મેં ગર્વ કૃતજ્ઞાતા અને પોતાપણાની ગહન ભાવના સાથે બ્રિટિશ નાગરિકત્વ સ્વીકાર્યું છે. તેણે સોશિયલ મીડિયા પર વધુમાં લખ્યું હતું કે મારા માટે ગૌરવની ક્ષણ છે, એક નવો અધ્યાય શરૂ થયો છે. લલીત મોદીને આઇપીએલના ચેરમેન પદેથી હટાવ્યા બાદ તે ૨૦૧૦માં ભારત છોડીને વિદેશ ભાગી ગયેલ, મની લોન્ડરિંગ, ફેમા કાયદાના ભંગ સહિતના તેના પર આરોપો છે.ઇડી તેની સામે તપાસ કરી રહી છે જ્યારે તેના પ્રત્યાર્પણ માટે પણ પ્રયાસો થઇ રહ્યા છે. જોકે લલીત મોદી તમામ આરોપો નકારતો આવ્યો છે.

ટ્રમ્પના પસંદગીના RNC અધ્યક્ષને હટાવવા પાર્ટીમાં વિરોધ તેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટીના અત્યાર સુધીના સૌથી નિરાશાજનક પ્રદર્શન બાદ પાર્ટીના આંતરિક રાજકારણમાં મોટો વિસ્ફોટ થયો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પસંદ કરાયેલા 'રિપબ્લિકન નેશનલ કમિટી' (RNC) ના અધ્યક્ષ જો રૂટર્સને હોદ્દા પરથી હટાવવા માટે પાર્ટીમાં જ આંતરિક બળવો શરૂ થઈ ગઈ છે. મિડટર્મ ચૂંટણીમાં અણધાર્યા પરાજય બાદ કમિટીના અસંતુષ્ટ જૂથે નેતૃત્વ પર સવાલો ઉઠાવીને અધ્યક્ષનું રાજીનામું માંગ્યું છે.RNC ના અસંતુષ્ટ સભ્યોએ કેન્ટકીના નેતા કેસી ક્રોસબીનું સમર્થન કરીને તેમને અધ્યક્ષ બનાવવાની કવાયત હાથ ધરી છે. ક્રોસબીએ કમિટીને પત્ર લખીને મિડટર્મ ચૂંટણીના પરિણામોને 'મોટો ઝાટકો' ગણાવ્યા હતા અને ભૂલોની પ્રમાણિકતાથી સમીક્ષા કરવાની માગ કરી હતી. ટેનેસી અને વર્જિનિયા જેવા રાજ્યોના કમિટી સભ્યોનું કહેવું છે કે ટેક્સાસ અને સાઉથ કેરોલિના જેવા પાર્ટીના પરંપરાગત ગઢમાં થયેલી હાર બાદ જૂના નેતૃત્વને જાળવી રાખવું એ પાર્ટી માટે વિનાશક સાબિત થશે. વિરોધી જૂથે RNC ના નાણાકીય ખર્ચાઓ પર પણ સવાલો ઉઠાવીને ફોરેન્સિક ઓડિટની માગ કરી છે.બીજી તરફ, આ આંતરિક વિરોધથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્હાઇટ હાઉસ ભારે નારાજ થયા છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર સ્પષ્ટતા કરતા જો રૂટર્સને પોતાના 'MAGA યોદ્ધા' ગણાવીને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. વ્હાઇટ હાઉસે બળવાખોર જૂથના નેતાઓને આકરી ચેતવણી આપતા જણાવ્યું છે કે જો શિસ્તભંગ કરવામાં આવશે તો પાર્ટી તરફથી મળતી ફંડિંગ અને મદદ તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવશે. આગામી જાન્યુઆરીમાં એરિઝોના ખાતે યોજાનારી બેઠકમાં અધ્યક્ષ પદને લઈને ભારે ઘર્ષણ થવાની શક્યતા સેવાઈ રહી છે.



તંત્રી લેખ.....

આબોહવા ન્યાય સુનિશ્ચિત કરો

તુર્કીના અંતાલ્યામાં ૩૧મા વિશ્વ આબોહવા પરિષદનું આયોજન એવા સમયે થઈ રહ્યું છે જ્યારે વાતાવરણીય તાપમાન પેરિસ આબોહવા કરાર દ્વારા નિર્ધારિત **1.5°C** ની સીમાને વટાવી ગયું છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ વર્ષ ગરમીના તમામ રેકોર્ડ તોડવા માટે તૈયાર છે. પેસિફિક મહાસાગરમાં વધતા તાપમાનને કારણે અલ નીનો અસરને કારણે, આવતા વર્ષે ગરમીનું મોજું આવવાની પ્રબળ સંભાવના છે, જે ભારતના ચોમાસાને અસર કરી શકે છે. કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરતા, યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે આપણો ગ્રહ ગરમ થઈ રહ્યો છે. જોકે, ૧.૫ ડિગ્રી સેલ્સિયસને વટાવી જવાનો અર્થ એ નથી કે આપણે ખાલી બેસી રહીએ. વિજ્ઞાન આપણને શરણાગતિ સ્વીકારવા નહીં, પરંતુ દૃઢતાથી લડવા માટે આહ્વાન કરી રહ્યું છે. આ વર્ષના કોન્ફરન્સમાં ભારતનો ધ્યેય વિકાસશીલ દેશોની સામૂહિક શક્તિને મજબૂત બનાવવાનો છે જેથી વિકસિત દેશો પર આબોહવા ન્યાય માટે તેમના નાણાકીય સહાયના વચનો પૂરા કરવા દબાણ કરી શકાય.

વિકાસશીલ દેશો કહે છે કે તેમને તેમની અર્થવ્યવસ્થાને હરિયાળી બનાવવા અને આબોહવા પરિવર્તનની અસરોનો સામનો કરવા માટે તેમના માળખાગત સુવિધાઓને સુધારવા માટે વાર્ષિક આશરે **$1.3** ટ્રિલિયન નાણાકીય સહાયની જરૂર છે. તમામ પ્રયાસો છતાં, ૨૦૩૫ સુધીમાં ફક્ત **$300** બિલિયનના લક્ષ્ય પર સંમતિ થઈ હતી, જેમાં શ્રીમંત વિકસિત દેશોએ આમાંથી મોટાભાગનું યોગદાન આપ્યું હતું. વાસ્તવિકતા એ છે કે અત્યાર સુધીમાં ફક્ત **$30** બિલિયનની સહાય જ એકત્ર કરવામાં આવી છે. વચનો અને પરિપૂર્ણતા વચ્ચેના આ અંતરને દૂર કરવા માટે, ગુટેરેસે આ વર્ષની ક્લાઈમેટ કોન્ફરન્સમાં ક્લાઈમેટ ન્યાય કરારનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેમાં ચાર પાયા છે: અશ્મિભૂત ઈંધણથી દૂર સંક્રમણને વેગ આપવો, આબોહવા પરિવર્તન માટે સંવેદનશીલ લોકોનું રક્ષણ કરવું, આબોહવા અનુદાન અને સસ્તું નાણાં પૂરું પાડવું અને આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવો. ગુટેરેસે જણાવ્યું હતું કે આપણે વિકાસશીલ દેશોને સંસાધનો પૂરા પાડ્યા વિના તેમની અર્થવ્યવસ્થાને હરિયાળી અર્થવ્યવસ્થામાં રૂપાંતરિત કરવાની અપેક્ષા રાખી શકતા નથી. તેમણે આબોહવા પરિવર્તનથી થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે બળતણ કંપનીઓ પાસેથી વસૂલાતનો પણ આગ્રહ કર્યો. આ કંપનીઓએ ગયા ક્વાર્ટરમાં ૯૫ બિલિયનનો નફો મેળવ્યો હતો અને ફક્ત ૬૦૦ મિલિયન આબોહવા વળતર ચૂકવ્યું હતું. આ માટે તેમને વધુ યોગદાન આપવાની જરૂર છે.

આ પરિષદ મિથેન ઉત્સર્જન ઘટાડવા પર પણ ભાર મૂકી રહી છે. આ ગેસ કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૮૦ ગણી વધુ ગરમીને ફસાવી શકે છે અને તાપમાનમાં થયેલા વધારા કરતાં ત્રીજા ભાગ કરતાં વધુ વધારો માટે જવાબદાર છે. મિથેનના મુખ્ય સ્ત્રોત માંસ અને દૂધ માટે ઉછેરવામાં આવતા પશુઓ, તેલ અને ગેસના કુવાઓ, કોલસાની ખાણો, સડતો કચરો અને ખેતરોમાં પરાળી બાળવા છે. પશુપાલન અને અશ્મિભૂત ઈંધણ ઉદ્યોગ મિથેન ઉત્સર્જનના ત્રણ-ચતુર્થાંશ માટે જવાબદાર છે. તેથી, સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ અશ્મિભૂત ઈંધણ ઉદ્યોગ માટે શૂન્ય-મિથેન ઉત્સર્જન ધોરણ સ્થાપિત કરી રહ્યું છે અને લોકોને માંસ ખાવાથી શાકાહાર તરફ સંક્રમણ કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે જાગૃતિ પણ લાવી રહ્યું છે. આ વર્ષની પરિષદમાં ચર્ચાનો મુખ્ય વિષય પાણી અને મહાસાગરોની ગરમી સહનશીલતા છે, જે ભારતના જળ પ્રદૂષણ સંકટ સાથે સીધો જોડાયેલો છે.જળ પ્રદૂષણની દ્રષ્ટિએ ભારત ૧૨૨ દેશોમાં ૧૨૦મા ક્રમે છે. સૌથી મહત્વપૂર્ણ સ્ત્રોત ઘરગથ્થુ અને કારખાનાનું ગંદુ પાણી છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, શહેરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાંથી વહેતી ભારતની ૨૭૧ નદીઓમાંથી ૨૯૬ નદીઓ ગંભીર રીતે પ્રદૂષિત છે. ભારતમાં નદીઓ લાંબા સમયથી પૂજા અને ભક્તિનું કેન્દ્ર રહી હોવા છતાં પણ આ પરિસ્થિતિ અસ્તિત્વમાં છે. વિશ્વનો સૌથી મોટો ધાર્મિક સ્નાન મેળો નદીઓના કિનારે યોજાય છે. હાલમાં, સૂર્ય પૂજાને સમર્પિત છઠ ઉત્સવ ચાલી રહ્યો છે, જ્યાં પાણીમાં ઉભા રહીને સ્નાન, ધ્યાન અને પૂજા કરવામાં આવે છે. તેથી, દરેક છઠ ઉત્સવ, કુંભ મેળો કે અન્ય કાર્યક્રમ પ્રસંગે, નદી પ્રદૂષણ ઘટાડવા માટે ભવ્ય વચનો આપવામાં આવે છે.

પ્રજાને હવે ભાજપના ભાષણોમાં રસ નથી? : હિંમતનગર ખાતે બિરસામુંડા જયંતિ મહોત્સવ કાર્યક્રમમાં ભીડ ભેગી કરવા ૧૦ એસટી બસો ભરી દુર દુર થી લોકોને લાવવામાં આવ્યા: સ્થાનિકોને ભાષણમાં રસ નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં હવે મોદીનો જાદુ ઓસર્યો હોય તેવુ લાગી રહ્યુ છે. સરકારમાં પ્રજાના કામો થતા નથી, જુથવાદ-જાતિવાદ ને લઈ હવે પ્રજા પણ ભાજપના ભાષણો સાંભળી કંટાળી જતા મોદીના કાર્યક્રમોમાં ભીડ ભેગી કરવા જે રીતે હજારો એસટી બસોને રોકી દુર દુર થી એસટી બસોમાં લોકોને ભરીને લાવવામાં આવતા હોવાની વાત પ્રજાએ સાંભળી હશે. પરંતુ હવે તો ભાજપના સામાન્ય, નાના મોટા કાર્યક્રમોમાં પણ એસટી બસોને રોકી લોકોને લોભ લાલચ આપી લાવવામાં પડતા હોવાની નોબત આવી ચુકી છે.

એકતરફ સાબરકાંઠા જિલ્લામાં સાંસદ, ધારાસભ્યો , જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના ચુંટાયેલા નેતાઓએ પ્રજા તો ઠીક પરંતુ ચુંટણી ટાંણે ધોમ ધખતા તાપમાં ભુખ્યા તરસ્યા રહી નેતાઓને જીતાડવામાં મહત્વનો ભાગ ભજવતા હોય તેવા પાર્ટીના પાયાના કાર્યકરોના કામો ન કરવા પડે અને કયારેક તો કામો ન થયા હોય તો કાર્યકરોને શું જવાબ આપવો તેને લઈ પાર્ટીના કાર્યકરોના મોબાઈલ ફોન પણ ચુંટાયેલા નેતાઓ ઉપાડતા નથી તેવી જિલ્લામાં બુમરોળ ઉઠવા પામી છે. સાંસદ, ધારાસભ્યો અને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા ફોન ઉપાડી જવાબ આપવામાં ન આવતા રવિવારે પ્રજાએ બિરસામુંડા જયંતિ મહોત્સવ કાર્યક્રમમાં તેનો જડબાતોડ જવાબ આપ્યો હોવાનુ ખુદ જનપ્રતિનિધિઓએ હિંમતનગર ખાતે બિરસામુંડા જયંતિ મહોત્સવના કાર્યક્રમમાં અનુભવ્યુ હોવાનુ ચર્ચાયુ હતું. રવિવારે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતેના ટાઉનહોલ ખાતે ભાજપ ભગવાન બિરસામુંડાની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જોઈએ તેટલી ભીડ એકઠી ન થતા અને મીડીયામાં સારા મેસેજ લાવવા માટે ભાજપના કેટલાક દિગ્ગજ નેતાઓ દ્વારા ૧૦ જેટલી એસટી બસોને રોકી ભીડ ભેગી કરવા દુર દુર થી લોકોને લાવવામાં આવ્યા હતા. નવાઈની વાત તો એ છે કે પ્રજાની ભીડ ભેગી કરવા માટે એસટી બસોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેવા મેસેજ વાયરલ ન થાય તે માટે ૧૦ જેટલી એસટી બસોને નજીકના જિલ્લા જેલ કમ્પાઉન્ડમાં પાર્કિંગ કરી દેવામાં આવી હતી.



ભાજપમાં લેઉઆ પટેલોને કટ ટુ સાઈઝ કરવા અમિત શાહની યોજના સામે આક્રોશ

પ્રતિનિધિ,ગાંધીનગર

સૌરાષ્ટ્ર અને સુરત ખાતે વસતા લેઉઆ પટેલ સમાજને સત્તા અને રાજકારણમાં વ્યવસ્થિત રીતે કટ ટુ સાઈઝ કરવાની પેરવી ભાજપમાં લાંબા સમયથી ચાલી રહી હોવાનો ગંભીર મુદ્દો હાલ પાટીદાર યુવાનો અને રાજકીય બેઠકો પર ચર્ચાના એરણે ચડયો છે. અગાઉ જે બેઠકો પર લેઉઆ પાટીદારો સાંસદ કે ધારાસભ્ય તરીકે મજબુત પકકડ ધરાવતા હતા. ત્યાં સમાજના આગેવાનોને ક્રમશઃ સાઈડ લાઈન કરવામાં આવ્યા હોવાના આંકડાકીય પુરાવાઓ સાથે સમાજમાં આક્રોશ પ્રર્વતે છે. સુરતની સંસ્થાઓ, આગેવાનો, યુવાનો પોતપોતાના વિસ્તારમાં ધીમે ધીમે સક્રિય થઈ નવા જુની કરવાના મુડમાં હોવાનુ અંદરખાને ચર્ચાય છે.

હવે સુરત અને સૌરાષ્ટ્રના યુવાનો (જેન-જી પેઢી) આ મુદ્દે આક્રમક મુડમાં છે અને ટુંક સમયમાં જ આરપારની લડાઈ લડવાના મુડમાં જોવા મળી રહ્યા છે. ગુજરાતભરમાં સત્તાધારી પક્ષ ભાજપની આ પ્રકારની રાજકીય નીતીઓ સામે લેઉઆ પાટીદાર સમાજના હિતોનુ રક્ષણ કરવા માટે સુરતની સંસ્થાઓ, આગેવાનો પોતપોતાના વિસ્તારમાં સક્રિય થઈ અંદરખાને કામે લાગી ગયા છે.

આ અંગે રાજકીય ગતિવિધિઓ તેજ બની ગઈ છે. જો આગામી દિવસોમાં આ રાજકીય નબળાઈ દુર નહી થાય તો તેનો મોટો રાજકીય ભડકો આગામી ચુંટણીઓમાં જોવા મળે તેવુ મનાય છે.



ગુજરાતમાં ઘરેલુ હિંસાનો ચોંકાવનારો આંકડો આવ્યો બહાર: ૩ વરસમાં ૧૨,૭૨૧ મહિલાઓએ નોંધાવી પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

જે ઘરને સુરક્ષા, પ્રેમ અને હુંફ નુ પ્રતિક માનવામાં આવે છે એ જ ઘરની ચાર દિવાલો વચ્ચે અનેક મહિલાઓ હિંસાનો ભોગ બની રહી છે. અમદાવાદમાં ઘરેલુ હિંસાને લગતા છેલ્લા ૩ વરસના આંકડા ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર મળેલી ફરીયાદો અનુસાર છેલ્લા ૩ વરસમાં અમદાવાદમાં કુલ ૨૪,૧૩૬ મહિલાઓએ પારીવારીક અને ઘરેલુ સમસ્યાઓ અંગે મદદ માંગી હતી.

તેમાંથી ૧૨,૭૨૧ ફરીયાદો ઘરેલુ હિંસા અને શારીરિક અત્યાચાર સંબંધિત હતી. એટલે કે હેલ્પલાઈન પર આવતા દર બે ફોનમાંથી એક થી વધુ ફોન ઘરેલુ હિંસાની ફરીયાદ સાથે જોડાયેલા હતા. ૧૮૧ અભયમના આંકડા પ્રમાણે છેલ્લા ૩ વરસમાં અમદાવાદમાંથી મળેલી કુલ ફરીયાદોમાંથી ૫૨.૭ ટકા ફરીયાદો ઘરેલુ હિંસા અને શારીરિક અત્યાચારની હતી. આ આંકડા દર્શાવે છે કે મહિલાઓને પોતાના જ ઘરમાં સુરક્ષા અને સન્માન માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ઘરેલુ હિંસામાં માત્ર મારપીટ જ નહી, પરંતુ ગાળાગાળી, અપમાન, માનસિક ત્રાસ, સતત દબાણ અને સાસરીયાઓ દ્વારા ઘરમાંથી કાઢી મુકવા જેવી ઘટનાઓનો પણ સમાવેશ થાય છે. વર્ષવાર આંકડા પર નજર કરીએ તો ઘરેલુ હિંસાની ફરીયાદોમાં સતત મોટી સંખ્યા જોવા મળી રહી છે. જેમાં વર્ષ ૨૦૨૪ માં ૪,૭૨૧ ફરીયાદો નોંધાઈ હતી. જયારે વર્ષ ૨૦૨૫ માં ૪,૪૮૯ ફરીયાદો નોંધાઈ હતી. તેમજ વર્ષ ૨૦૨૬ માં ૨૪ ઓકટોબર સુધીમાં ૩,૫૧૧ ફરીયાદો નોંધાઈ હતી. આમ ૩ વરસમાં કુલ ૧૨,૭૨૧ ફરીયાદો નોંધાઈ છે. વર્ષ ૨૦૨૫ માં અગાઉના વર્ષની સરખામણીએ ફરીયાદોમાં થોડો ઘટાડો થયો હતો. જો કે ૨૦૨૬ માં ઓકટોબર સુધી નોંધાયેલા કેસ પણ સમસ્યાની ગંભીરતા દર્શાવે છે. આંકડાઓના વિશ્લેષણમાં મહિલાઓને થતી માનસિક ત્રાસની પણ ગંભીર સ્થિતિ બહાર આવી છે. છેલ્લા ૩ વરસમાં ૩,૯૮૪ કિસ્સાઓમાં મહિલાઓએ શાબ્દિક દુર્વ્યવહાર અને માનસિક ત્રાસનો સામનો કર્યો હતો. આ ઉપરાંત ૧૩૯૫ કિસ્સાઓમાં પારીવારિક વિવાદ એટલો વધી ગયો હતો કે પરીણત મહિલાઓને સાસરીયુ ઘર છોડવાની ફરજ પડી હતી. લગ્નેતર સંબંધો અને વર્ચ્યુઅલ જોડાણોને કારણે પણ અનેક પરીવારોમાં વિખવાદ ઉભો થયો હતો. છેલ્લા ૩ વરસમાં આવા ૧,૧૬૮ કિસ્સા નોંધાયા હતા. વર્ષ ૨૦૨૪ માં ૪૫૨, વર્ષ ૨૦૨૫ માં ૩૯૨ અને વર્ષ ૨૦૨૬ માં ૨૪ ઓકટોબર સુધીમાં ૩૨૪ કિસ્સા બહાર આવ્યા હતા. ઘરેલુ વિવાદોની અસર માત્ર પતિ પત્ની પુરતી સિમિત રહી નથી. તેની સૌથી વધુ અસર બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને ભવિષ્ય પર પડી શકે છે. છેલ્લા ૩ વરસમાં બાળકોની મુલાકાત, કસ્ટડી અને માતા પિતાથી અલગ થવા સંબંધિત ૭૧૪ કિસ્સાઓમાં અભયમની રેસ્કયુ વાત અને કાઉન્સેલરની મદદ લેવાની ફરજ પડી હતી. તેમાં વર્ષ ૨૦૨૪ માં ૨૮૩, વર્ષ ૨૦૨૫ માં ૨૩૪ અને વર્ષ ૨૦૨૬ માં ૨૪ ઓકટોબર સુધીમાં ૧૯૭ કિસ્સા નોંધાયા હતા.



ઈરાનમાં મોંઘવારીથી અંગો વેચવાની નોબત

આર્થિક સંકટે ઈરાનીઓને ઘેર્યા, કિડનીથી લિવર સુધી વેચવાની જાહેરાતો

ટેલિગ્રામ પર ૬૦૦થી વધુ જાહેરાતો સામે આવી, દેવું ચૂકવવા અને પરિવારના ભવિષ્ય માટે લોકો અંગો વેચવા તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાનમાં વધી રહેલા આર્થિક સંકટ અને વધતા દેવાએ સામાન્ય લોકોને પોતાના શરીરના અંગો વેચવા માટે મજબૂર કરી દીધા છે. 'ઈરાન ઈન્ટરનેશનલ'ના એક તપાસ અહેવાલ મુજબ, ટેલિગ્રામ પર ૬૦૦ થી વધુ એવી જાહેરાતો મળી આવી છે જેમાં લોકો કિડની, બોન મેરો, લિવર, અંડકોષ અને આંખોની કીકી એટલે કે કોર્નિયા વેચવાની ખુલ્લી ઓફર કરી રહ્યા છે.અંગોની વિગતોઃ ગત મે માસથી ઓક્ટોબર વચ્ચે એક ટેલિગ્રામ ચેનલ પર મળેલી ૬૦૦ થી વધુ જાહેરાતોની તપાસમાં સામે આવ્યું છે કે, ૪૯૮ જાહેરાતોમાં કિડની, ૨૭૯માં બોન મેરો, ૫૧માં લિવર, ૧૫માં અંડકોષ અને ૨ જાહેરાતોમાં કોર્નિયા વેચવાની દરખાસ્ત મૂકવામાં આવી હતી. લગભગ દર ત્રીજી જાહેરાતમાં એકથી વધુ અંગો વેચવાની ઓફર હતી.મજબૂરીની કહાનીઓઃ એક પિતાએ પોતાની પુત્રીનું ભવિષ્ય સુરક્ષિત કરવા માટે, તો એક નિષ્ફળ વ્યાપારીએ દેવું ચૂકવવા માટે પોતાના અંગો વેચવાની તૈયારી દર્શાવી છે. બે દીકરીઓની સંભાળ રાખતી એક સિંગલ મધરે પણ ઘરના મૂળભૂત ખર્ચ માટે ખરીદદાર શોધતી હોવાનું જણાવ્યું છે.મિડલ ઈસ્ટના તણાવ, અમેરિકી નૌસેનાની નાકેબંધી અને કડક પ્રતિબંધોએ ઈરાનની અર્થવ્યવસ્થાની કમર તોડી નાખી છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ ચેતવણી આપી છે કે આગામી મહિનાઓમાં ઈરાનની આર્થિક સ્થિતિ વધુ વણસી શકે છે. બીજી તરફ, રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેજેશકિયાનનું પ્રશાસન લાંબા સમય સુધી પ્રતિબંધોનો સામનો કરવા તૈયાર હોવાનો દાવો કરી રહ્યું છે.

પેટ્રોલ પંપના પરિસરમાંથી ટેન્કર ઝડપાયું

સાયલા નજીક શંકાસ્પદ બાયો ડીઝલ ભરેલું ટેન્કર ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા વિસ્તારમાં પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે ગેરકાયદે ઈંધણના વેપાર સામે પોલીસની કાર્યવાહીથી ચકચાર મચી છે. ડોળિયા-મુળી હાઈવે પર પેટ્રોલિંગ દરમિયાન રાજકોટ રેન્જ IGની ટીમે ભાડુકા ગામ નજીક આવેલા એક પેટ્રોલ પંપના પરિસરમાંથી શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી ભરેલું ટેકર ઝડપી પાડ્યું છે. ટેકરમાં રહેલા પ્રવાહીને પ્રાથમિક રીતે બાયો ડીઝલ જેવું માનવામાં આવી રહ્યું છે, જોકે તેની ચોક્કસ ઓળખ અને ગુણવત્તા અંગેનો અંતિમ ખુલાસો FSL તપાસ બાદ થશે.રાજકોટ વિભાગીય પોલીસ વડા નિર્લિપ્ત રાયની સૂચના અનુસાર પેટ્રોલ-ડીઝલની અછતનો લાભ લઈ સંગ્રહખોરી, ગેરકાયદે વેચાણ અથવા ઈંધણમાં ભેળસેળ કરતા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન રેન્જ IGની ટીમને મળેલી બાતમીના આધારે ડોળિયા હાઈવે પર આવેલા આદિત્ય એગ્રો એનર્જી પેટ્રોલ પંપના પરિસરમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ પ્રવાહી ભરેલું ટેકર મળી આવતા તેને કબજે લેવામાં આવ્યું હતું.પોલીસે ટેકર માલિક પાસેથી પ્રવાહીના જથ્થા અંગે જરૂરી દસ્તાવેજો અને બિલોની માંગણી કરી હતી. રજૂ કરવામાં આવેલા કેટલાક બિલો શંકાસ્પદ જણાતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ લીંબડી DySP અને સાયલા પોલીસને જાણ કરવામાં આવી હતી.

નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી

નકલી PI બની ડિજિટલ અરેસ્ટના નામે ૨.૪૦ કરોડની ઠગાઈ

આરોપી ચાર ગંભીર ગુનામાં વોન્ટેડ હોવાનું બહાર આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં ડિજિટલ અરેસ્ટના નામે નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાના કેસમાં વડોદરા કાઈમ બ્રાન્ચે બ્રિજેશ પટેલ નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપી પોલીસ ઈન્સ્પેક્ટર (PI) તરીકેની ખોટી ઓળખ ધારણ કરીને લોકોને વીડિયો કોલ કરતો અને ગંભીર ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી પૈસા પડાવતો હોવાની વિગતો સામે આવી છે. પોલીસ તપાસમાં આરોપી ચાર ગંભીર ગુનાઓમાં વોન્ટેડ હોવાનું પણ બહાર આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી બ્રિજેશ પટેલ પોતાને પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે રજૂ કરતો હતો. વીડિયો કોલ દરમિયાન તે સામેની વ્યક્તિને મની લોન્ડરિંગ, CBI તપાસ અથવા ડ્રગ્સ સંબંધિત કેસમાં ફસાવવાની ધમકી આપતો હતો. ત્યારબાદ પોલીસ કાર્યવાહીથી બચવા માટે ડિજિટલ અરેસ્ટ કરવામાં આવ્યો હોવાનું કહીને નાગરિકો પાસેથી મોટી રકમની માંગણી કરતો હતો. આ રીતે ભયનો માહોલ ઊભો કરીને છેતરપિંડી કરવામાં આવતી હતી. પ્રાથમિક તપાસમાં આરોપીએ વડોદરાના અકોટા અને પાણીગેટ ઉપરાંત કચ્છના આદિપુર અને ગાંધીધામ વિસ્તારોમાં પણ આવી જ રીતે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. આ ચાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદોને આધારે અત્યાર સુધીમાં અંદાજે ૨.૪૦ કરોડની છેતરપિંડી સામે આવી છે. પોલીસ હવે અન્ય ફરિયાદો અને સંભવિત પીડિતોની વિગતો પણ એકત્રિત કરી રહી છે. ઠગાઈથી મેળવેલી રકમની હેરફેર કરવા માટે આરોપીએ પરિચિત વ્યક્તિઓ તેમજ વિવિધ કંપનીઓના નામે બેંક ખાતાંનો ઉપયોગ કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ ખાતાંમાં છેતરપિંડીની રકમ જમા કરાવી ત્યારબાદ તેને અલગ-અલગ રીતે ટ્રાન્સફર કરવામાં આવતી હોવાની આશંકા છે. પોલીસ હવે બેંકિંગ વ્યવહારોની તપાસ કરીને સમગ્ર નાણાકીય નેટવર્ક શોધી રહી છે. વડોદરા કાઈમ બ્રાન્ચે મળેલી માહિતીના આધારે કાર્યવાહી કરીને બ્રિજેશ પટેલને વાસદ ટોલનાકા પાસેથી ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ તેને વધુ તપાસ માટે અકોટા પોલીસને સોંપવામાં આવ્યો છે. પોલીસ હવે આરોપી સાથે સંકળાયેલા અન્ય લોકો, ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતાં, છેતરપિંડીની કુલ રકમ અને અન્ય સંભવિત ગુનાઓ અંગે તપાસ આગળ ધપાવશે. ડિજિટલ અરેસ્ટના નામે થતી સાયબર ઠગાઈમાં આરોપીઓ ઘણીવાર પોલીસ, CBI, ED અથવા અન્ય સરકારી એજન્સીના અધિકારી બની લોકોને ડરાવવાનો પ્રયાસ કરે છે. કાયદાકીય રીતે ફોન અથવા વીડિયો કોલ દ્વારા કોઈ વ્યક્તિને 'ડિજિટલ અરેસ્ટ' કરવામાં આવતી નથી.

ટંકારા નજીક કારની ૮થી ૧૦ પલટી બાદ ટ્રાન્સફોર્મર સાથે ધડાકાભેર અથડામણ: રાજકોટના બે યુવાનોના મોત

અકસ્માતના CCTV દૃશ્યો સામે આવતાં ચકચાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબી જિલ્લાના ટંકારા નજીક રાજકોટથી મોરબી તરફ જઈ રહેલી સ્વિફ્ટ કારનો ભયાનક અકસ્માત સર્જાયો હતો. શનિવારે સવારે આશરે ૮:૩૦ વાગ્યે બનેલી આ ઘટનામાં કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર હવામાં ફંગોળાઈને ૮થી ૧૦ જેટલી પલટી ખાઈ રોડની બાજુમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મર સાથે અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં રાજકોટના બે યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે કારમાં પાછળ બેઠેલો એક યુવાન ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતના ભયાનક CCTV ફૂટેજ સામે આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. રાજકોટમાં ડેકોરેશનનો વ્યવસાય કરતા ત્રણ યુવાનો સ્વિફ્ટ કારમાં રાજકોટથી મોરબી તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ટંકારા નજીક પૂરઝડપે જઈ રહેલી કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર રસ્તા પર બેકાબૂ બની હવામાં ફંગોળાઈ હતી અને એક પછી એક અનેક પલટી ખાઈ હતી. ત્યારબાદ કાર રોડની બાજુમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસમાત એટલો ભયાનક હતો કે કાર પલટી ખાતી વખતે આગળની સીટ પર બેઠેલા ચાલક સહિત બે યુવાનો કારમાંથી બહાર ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. ગંભીર ઈજાઓને કારણે બંનેનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે પાછળની સીટ પર બેઠેલા ત્રીજા યુવાનને ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.અકસમાતમાં ઈજાગ્રસ્ત થયેલા જીવણ ડાભીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ મોરબીથી ટંકારા પહોંચ્યા ત્યારે કાર પલટી ખાઈ ગઈ હતી. ત્યારબાદ શું બન્યું તેની તેમને કોઈ જાણકારી નથી. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે પણ તેઓ અજાણ હોવાનું જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રભાત અને અમન કારની આગળની સીટ પર બેઠા હતા, જ્યારે તેઓ પાછળ બેઠા હતા. કાર અન્ય કોઈ વાહન સાથે અથડાઈ નહોતી. અકસ્માતમાં તેમને હોઠ અને કમરના ભાગે ઈજાઓ થઈ હતી. કાર અટકી ગયા બાદ તેઓ બહાર નીકળ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને અકસ્માત અંગે તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક વિગતોના આધારે મૃતક કારચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અકસ્માત પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307 (M)9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારની અમીન ચા ની કીટલીવાળાને મોંઘવારીનુ લાગ્યુ ગ્રહણ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારની મદ્રેસા હાઈસ્કુલ ના દરવાજા નજીક ચા ની કીટલી ચલાવતા અમીનભાઈને મોંઘવારીનુ ગ્રહણ લાગ્યુ હોય તેવુ પટ્ટણી સુન્ની જમાતના સમુહલગ્નમાં અનુભવ્યુ હતું. શહેરમાં પટ્ટણી સુન્ની જમાતના સમુહલગ્નમાં વરસોથી નહી નફો, નહી નુકશાન નુ સુત્ર અપનાવી વરસોથી ચા ની કીટલી ચલાવતા અમીનભાઈએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે હાલમાં ભલે દુધ અને ખાંડ ના ભાવમાં વધારો થયો છે. તેમ છતાં ઓછો નફો લઈ ચા ની ચુસ્કી મારનાર લોકોને એ જ સ્વાદ અને એજ ગુણવત્તા સાથે ચા પીવડાવી રહ્યો છું. પરંતુ હિંમતનગર શહેરના પટ્ટણી સુન્ની જમાતના સમુહલગ્નમાં વરસોથી ૧૦ થી ૧૫ હજારનો ધંધો ચાલતો હતો અને લોકો સામેથી ચા ના ઓર્ડર આપતા હતા. પરંતુ હાલના સમુહલગ્નમાં જોઈએ તેટલો ધંધો થયો નથી તેનુ મુળ કારણ મોંઘવારીનુ ગ્રહણ લાગ્યુ હોય તેવુ તેમણે અનુભવ્યુ હતું. છેલ્લા બે-ત્રણ દિવસમાં ૫ થી ૬ હજારનો ધંધો થયો હતો. સમુહલગ્નમાં પણ મોંઘવારીને લઈ લોકો ચા ની ચુસ્કી મારવાનુ ભુલ્યા હોય તેવો અહેસાસ અમીનભાઈ ચા વાળાએ વ્યકત કર્યો હતો.



ભ્રષ્ટ અધિકારીઓ હવે લાંચ લેવા માટે વચેટીયાઓનો ઉપયોગ કરે છે: લાંચ લેવામાં હવે ભ્રષ્ટ અધિકારીઓથી આગળ હવે વચેટીયા નિકળ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સરકાર એવી ગુલબાંગો ફુંકે છે કે ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નિતિ છે. સરકારની આ ગુલબાંગો સામે એસીબીનો ડેટા મોટો પર્દાફાશ કરી રહ્યો છે. આમ તો રોજબરોજ ૨-૩ કર્મચારીઓ લાંચ લેતા પકડાતા હોય છે. પરંતુ એસીબીએ જાહેર કરેલા ડેટામાં મોટો આંકડો બહાર આવ્યો છે.

સરકારી કચેરીઓમાં પ્રજાના કામ કરાવવા માટે હવે માત્ર સરકારી બાબુઓ જ નહી પરંતુ વચેટીયાઓ પણ સક્રિય થયા છે. એક સમયે સરકારી અધિકારીઓ સીધી લાંચની માંગણી કરતા હતા. પરંતુ હવે લાંચ લેવાની પધ્ધતિમાં નવો ટ્રેન્ડ બહાર આવી રહ્યો છે. કન્સ્લ્ટન્ટ ની ફી, પ્રોફેશનલ ચાર્જ અને અન્ય સેવાઓના નામે લાંચની રકમ વસુલવામાં આવતી હોવાના કિસ્સાઓ બહાર આવ્યા છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ એસીબીએ વર્ષ ૨૦૨૬ દરમિયાન કાર્યવાહી તેજ બનાવી છે. લાંચ લેતા સરકારી બાબુઓ અને ખાનગી વચેટીયાઓ વિરૂધ્ધ એસીબીએ કાર્યવાહી શરૂ કરી છે. એસીબીના આંકડા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૬ માં અત્યાર સુધીમાં કુલ ૧૮૩ ગુન્હાઓ નોંધાયા છે. જયારે કુલ ૨૭૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં અંદાજે ૧ કરોડ ૩૦ લાખ રૂપીયાની લાંચની રકમ પકડાઈ છે. જો વિભાગવાર ભ્રષ્ટાચારના આંકડાની વાત કરીએ તો પ્રથમક્રમે ગૃહ વિભાગ છે. ગૃહવિભાગમાં ૪૮ ગુન્હાઓ નોંધાયા છે અને ૭૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બીજા ક્રમે પંચાયત વિભાગ છે. જેમાં ૩૪ ગુન્હા નોંધાયા છે અને ૪૮ આરોપીઓ ઝડપાયા છે. જયારે ત્રીજા ક્રમે મહેસુલ વિભાગ છે, મહેસુલ વિભાગમાં ૨૯ ગુન્હાઓ નોંધાયા છે અને ૪૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે પ્રજાના રોજીંદા કામકાજ સાથે સીધો સંબંધ ધરાવતા વિભાગોમાં પણ ભ્રષ્ટાચારનુ પ્રમાણ વધારે છે. એસીબીની કાર્યવાહીમાં ઝડપાયેલા આરોપીઓના હોદ્દા પર નજર કરીએ તો સરકારી તંત્રમાં વિવિધ સ્તરે ભ્રષ્ટાચારનુ ચિત્ર સામે આવે છે. ખાસ વાત એ છે કે ઝડપાયેલા આરોપીઓમાં ૧૨૭ ખાનગી વ્યકિતઓનો સમાવેશ થાય છે. એટલે કે ભ્રષ્ટાચારના ખેલમાં ખાનગી વ્યકિતઓ અને વચેટીયાઓની ભુમિકા પણ તપાસનો મહત્વનો વિષય બની રહી છે. એકસમયે સરકારી કચેરીમાં કામ અટકાવીને સીધી લાંચની માંગણી કરવામાં આવતી હતી. પરંતુ હવે લાંચ લેવાની પધ્ધતિમાં બદલાવ જોવા મળી રહ્યો છે. સરકારી અધિકારીઓ સીધી લાંચ માંગવાને બદલે વચેટીયાઓ મારફતે વ્યવહાર કરતા હોવાના કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં કન્સ્લ્ટન્ટ તરીકે કામ કરતા વ્યકિતઓ દ્વારા ફી ના નામે વધારાની રકમ વસુલવામાં આવતી હોવાની ફરીયાદો અને તપાસ બહાર આવી છે. આ વચેટીયાઓ સરકારી અધિકારીઓ સુધી લાંચની રકમ પહોચાડવાનુ માધ્યમ બન્યા છે જેથી એસીબીની ટીમે આ મુદ્દે તપાસ શરૂ કરી છે. લાંચ લેવી અને આપવી બંને ગુન્હો છે. એસીબી દ્વારા લાંચીયા અધિકારીઓને રંગે હાથ ઝડપી પાડવામાં આવે છે અને તેમની સામે કેસ પણ નોંધવામાં આવે છે. પરંતુ સવાલ એ છે કે એસીબી દ્વારા નોંધાયેલા કેસોમાંથી કોર્ટમાં કેટલા કેસ સાબિત થાય છે ? અને કેટલા લાંચિયા અધિકારીઓને ખરેખર સજા થાય છે ? છેલ્લા ૧૬ વરસના આંકડા પર નજર કરીએ તો માત્ર ૩૧ ટકા કેસમાં જ દોષિત સાબિત થયો છે. છેલ્લા ૧૬ વર્ષના એટલે કે ૨૦૧૦ થી ૨૦૨૬ સુધીના આંકડા પ્રમાણે કુલ ૧,૯૫૫ કેસમાંથી માત્ર ૬૦૬ કેસમાં દોષિત સાબિત થયો છે. જયારે ૧,૩૪૯ કેસમાં દોષ સાબિત થઈ શકયો નથી. ૩૧ ટકા કેસમાં જ કન્વિકશન મળ્યુ છે. છેલ્લા પાંચ વરસના એટલે કે ૨૦૨૧ થી ૨૦૨૬ ના આંકડા પર નજર કરીએ તો ૨૧૨ કેસમાં દોષ સાબિત થયો છે. જયારે ૪૨૯ કેસમાં દોષ સાબિત થઈ શકયો નથી. આ સમયગાળામાં કન્વિકશન રેટ આશરે ૩૩ ટકા રહ્યો છે. જયારે છેલ્લા ૩ વરસમાં પણ કન્વિકશન રેટ ૩૩ ટકા આસપાસ રહ્યો છે. એસીબીની કાર્યવાહીનો હેતુ માત્ર લાંચીયા અધિકારીને પકડવાનો જ નહી, પરંતુ તેને કોર્ટમાં દોષિત સાબિત કરવાનો પણ છે. ત્યારે આધુનિક ટેકનોલોજી અને ફોરેન્સિક પુરાવા ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં કેટલા અસરકારક સાબિત થાય છે. સાથે જ લાંચને કાબુમાં લેવા માટે માત્ર એસીબીના દરોડા પુરતા નથી. પરંતુ લાંચ લેવાની સાથે લાંચ આપવાની માનસિકતા પણ બદલવી પડશે.

૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી માટે ગુજરાત ભાજપનુ ૨૨ મી થી શ્રીગણેશ: તમામ ૧૮૨ બેઠકો પર એક સાથે શકિત પ્રદર્શનની તૈયારી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ માં યોજાનારી ચુંટણી માટે ભાજપે અત્યાર થી જ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ચુંટણીને હજુ એક વરસ જેટલો સમય બાકી હોવા છતાં ભાજપે રાજકીય અને સંગઠનાત્મક એમ બંને મોરચે સક્રિયતા વધારવાનો નિર્ણય કર્યો છે. દિવાળી બાદ પક્ષના કાર્યકરોને ચુંટણીલક્ષી કામગીરી માટે સજજ કરવા રાજયવ્યાપી કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ભાજપ દ્વારા આગામી ૨૨ નવેમ્બરે ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એકસાથે નવા વર્ષના સ્નેહમિલન કાર્યક્રમો યોજવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમો મારફતે સ્થાનિક આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરોને એક મંચ પર લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સ્નેહમિલનના માધ્યમથી પક્ષના સંગઠનને વધુ સક્રિય કરવા અને કાર્યકરોમાં નવો ઉત્સાહ જગાવવાની કવાયત હાથ ધરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ ધમધમાટ શરૂ થઈ ગયો છે. ભાજપનુ મુખ્ય ધ્યાન પાયાના સ્તરે સંગઠનને વધુ મજબુત બનાવવા પર રહેશે. વિધાનસભા મતવિસ્તાર થી લઈને બુથ સ્તર સુધી કાર્યકરો વચ્ચે સંકલન વધારવા અને ચુંટણી માટે સંગઠનાત્મક માળખુ સક્રિય કરવાની દિશામાં કામગીરી કરવામાં આવશે. રાજકીય વર્તુળોમાં ૨૨ નવેમ્બરના કાર્યક્રમોને ભાજપના મિશન ૨૦૨૭ ની શરૂઆત તરીકે જોવામાં આવી રહ્યા છે. એક સાથે તમામ ૧૮૨ બેઠકો પર યોજાનારા કાર્યક્રમો દ્વારા પક્ષ આગામી વિધાનસભા ચુંટણી માટે પોતાની સંગઠનાત્મક સજજતાનો સંદેશ આપવાનો પ્રયાસ કરશે.



૧૩૨ દિવસ બાદ વડાપ્રધાન મોદીએ ગુજરાતના મંત્રીઓના સાડા ત્રણ કલાક સુધી કલાસ લીધો : મુખ્યમંત્રી બદલાશે કે મંત્રી મંડળનુ વિસ્તરણ?

આ વખતે લાલ જાજમ ગાયબ : મંત્રીઓના જીવ અધ્ધરતાલ : દિવ-દમણની નંબર પ્લેટવાળી મોંઘી કાર થી ચર્ચા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દિવાળીનુ મીનીવેકેશન પુરૂ થતા લોકો સરકારી કચેરીઓમાં આવવાનુ શરૂ કરી દીધુ છે. પરંતુ ગત અઠવાડીયે ગુજરાતની રાજનીતીના કોઈ મહત્વના સમાચાર સામે આવ્યા હોય તો એ છે ભારતના લોકલાડીલા અને ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત, પણ એમા એક વસ્તુ ગાયબ હતી. હવે કઈ વસ્તુ ગાયબ હતી એ તમને અંદર જાણવા મળશે, પરંતુ મોટા સાહેબે મંત્રીઓનો બરાબરનો કલાસ લીધો, એમાં મંત્રીઓ કેવી મુંઝવણમાં હતા તેની વાત પણ બહાર આવી છે અને એક જગ્યાએ ફરજીયાત એકિટવ રહેવાનુ પણ કહેવામાં આવ્યુ હતું. આખરે એ જગ્યા કઈ છે તે મંત્રીઓને અંદરખાને જાણ થઈ ગઈ છે.

દિવાળીનુ વેકેશન પડતા કર્મચારીઓ પોતાના પરીવાર સાથે બહાર ફરવા નિકળી ગયા હતા. પરંતુ અમદાવાદ ખાતે પરીવાર સાથે દિવાળીનો તહેવાર મનાવવા આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિવાળી અને બેસતા વરસની વચ્ચેના પડતર દિવસના દિવસે વિવિધ લોકાર્પણના કાર્યક્રમો યોજેલા, આ લોકાર્પણના કાર્યક્રમોને પગલે અમદાવાદ મનપા સહિત વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓને ફરજીયાત પડતર દિવસ સુધી હાજર રહેવાનુ ફરમાન મળ્યુ હતું. જેથી કર્મચારીઓમાં ગણગણાટ શરૂ થયો હતો કે દિવાળી બાદ પડતર દિવસે પણ નોકરી કરવી પડી રહી છે. વાત જાણે એમ છે કે સરકારે પડતર દિવસની રજા જાહેર કરી હતી અને નવેમ્બર મહિનાના ચોથા શનિવારની રજા રદ કરીને સરકારી કચેરીઓ ચાલુ રાખવાનો આદેશ કર્યો હતો. હવે ગૃહમંત્રી અમિત શાહના કાર્યક્રમમાં હાજર રહેલા કર્મચારીઓ અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા હતા કે આપણા તો નસીબ ખરાબ કે પડતર દિવસે નોકરી કરી અને હવે ચાલુ માસના ચોથા શનિવારે પણ નોકરી કરવાની, આપણને તો કોઈ રજાનો લાભ જ ન મળ્યો, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાજયના મુખ્યમંત્રી વચ્ચે ચાવીને લઈને ખેંચતાણ જોવા મળી હતી. પરંતુ એવુ તો શું થયુ કે કેન્દ્રીય ગૃહમંત્રીએ મુખ્યમંત્રીને એવુ કહ્યુ કે મુખ્યમંત્રીએ ચાવી છોડી દીધી ? વાત જાણે એમ છે કે અમદાવાદ ખાતે દિવાળીના તહેવાર ટાંણે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે અમદાવાદ મનપા દ્વારા તૈયાર કરાયેલુ ઘરનુ ઘર લાભાર્થીઓને આપવાનુ હતું. આયોજકો દ્વારા ચાવી ની એક બાજુ મુખ્યમંત્રીનો ફોટો અને બીજી બાજુ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો ફોટો રાખવામાં આવ્યો હતો. જયારે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ઘરનુ ઘર આવાસનુ લોકાર્પણ કર્યા બાદ લાભાર્થીને ચાવી આપવામાં આવી રહી હતી. ત્યારે ઘરની ચાવી માં મુખ્યમંત્રીનો ફોટો હતો , જેથી મુખ્યમંત્રીએ ચાવી ફેરવવાનો પ્રયાસ કર્યો પરંતુ ચાવી પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની પકકડ મજબુત હોવાથી ચાવી ફરી નહી, ત્યારબાદ મુખ્યમંત્રીએ ચાવી ખેંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ ત્યાં તો કેન્દ્રીય ગૃહમંત્રીને ખ્યાલ આવ્યો કે મુખ્યમંત્રી ચાવી કેમ ખેંચી રહ્યા છે, ત્યારે મુખ્યમંત્રીએ અમિત શાહ સામે જોઈને કહ્યુ કે ચાવીની બેક સાઈડમાં તમારો ફોટો છે. જો તમારો ફોટો આગળ રહે તો લાભાર્થી ખુશ થાય, પરંતુ અમિત શાહે જાહેરમંચના કાર્યક્રમમાં મુખ્યમંત્રી મોટા થાય અને તેમના કામના વખાણ થાય તે માટે મુખ્યમંત્રીએ સ્પષ્ટ કહ્યુ કે ભલે તમારો ફોટો આગળ રહે. જો કે કેન્દ્રીય ગૃહમંત્રીના નિવેદન બાદ મુખ્યમંત્રીએ પોતાના બે ડગલા પાછળ લઈ લીધા,



વડાપ્રધાન ના ગુજરાત પ્રવાસને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. ગુજરાત વિધાનસભાની ચુંટણીને આડે હવે એક વરસ જેટલો સમય બાકી છે. ત્યારે વડાપ્રધાનની વારંવારની મુલાકાતોને લઈને રાજકીય ચર્ચાઓ તેજ બની છે. વડાપ્રધાનની મુલાકાતને લઈને શુક્રવારે સચિવાલયમાં ચર્ચાનો વિષય બન્યો હતો કે વડાપ્રધાનની એક પછી એક ગુજરાત મુલાકાતને લઈને શું વિસ્તરણ થઈ શકે છે ? મુખ્યમંત્રી બદલાય તેવી શકયતા છે ? એવી ચર્ચાઓએ જોર પકડયુ હતું. એવામાં વડાપ્રધાન શુક્રવારે રાત્રે મંત્રીઓ સાથે બેઠક કરવાના છે. તેવી વાતને લઈને કેટલાક કર્મચારીઓએ તર્ક લગાવ્યો હતો કે હવે પાકુ છે કે મુખ્યમંત્રી બદલાશે કે મંત્રી મંડળનુ વિસ્તરણ થશે ? પરંતુ વડાપ્રધાને તમામ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મુકીને ચુંટણીલક્ષી રોડમેપ તૈયાર કરવા તમામને સુચના આપી હતી. વડાપ્રધાન જયારે પણ ગુજરાત સહિત અન્ય રાજયો કે વિદેશનો પ્રવાસ ખેડે છે ત્યારે તેમના સ્વાગત માટે લાલ જાજમ પાથરવામાં આવે છે. પરંતુ આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંજે અમદાવાદ એરપોર્ટ પર પહોચ્યા ત્યારે લાલ જાજમ જોવા મળી ન હતી. જેથી ચર્ચાનો વિષય બન્યો હતો કે ગુજરાતમાં પહેલીવાર આવી ઘટના બની છે કે વડાપ્રધાન પોતાના વિશેષ વિમાન મારફતે અમદાવાદ એરપોર્ટ પહોચ્યા અને વિમાનમાંથી બહાર આવીને અમદાવાદની ધરતી પર પગ મુકયો, પરંતુ લાલ જાજમ જોવા મળી નહી. હવે લાલ જાજમ કેમ ન પાથરવામાં આવી તેના વિશે તો સરકાર જ ફોડ પાડી શકે છે. વડાપ્રધાન મુખ્યમંત્રીના નિવાસસ્થાને મેરેથોન બેઠક ચાલી રહી હતી. ત્યારે અનેક તર્કવિતર્ક ચાલી રહ્યા હતા. આ મેરેથોન બેઠક દરમિયાન દિવ-દમણની નંબરપ્લેટ ધરાવતી બ્લેક કલરની એક મોંઘીદાટ કાર ચર્ચાનુ કેન્દ્ર બની હતી. આ બ્લેક કલરની કાર કોની છે? કારમાં કોણ આવ્યુ હશે? આવા અનેક પ્રકારના સવાલો અને ચર્ચાઓએ જોર પકડયુ હતું. પરંતુ આ તમામ ચર્ચાઓ વચ્ચે ખ્યાલ આવ્યો કે આ કાર દક્ષિણ ગુજરાતના એક મંત્રીના પુત્ર ની છે. મંત્રીનો પુત્ર કાર લઈને બહાર નિકળ્યો હતો. જો કે બ્લેક કલરની આ કાર મંત્રીના નિવાસસ્થાનની બહાર આવતા લોકોને લાગ્યુ હતુ કે શું બેઠકમાં દિવ-દમણના પ્રશાસક વડા પ્રફુલ પટેલ આવ્યા છે ? પરંતુ કાર અંગેની સચોટ માહિતી બહાર આવતા જ તમામ ચર્ચાઓ પર પૂર્ણવિરામ લાગી ગયુ હતું.

ગુજરાત ભાજપના સંગઠનમાં મોટા ઉલટફેર થાય તેવી પૂરેપૂરી શકયતા: વડાપ્રધાન મોદી તાબડતોબ દિલ્હી થી ગાંધીનગર દોડી આવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓચિંતિ મુલાકાત બાદ હવે પ્રદેશ પ્રભારી તરૂણ ચુગ પણ પાટનગર ગાંધીનગર પહોચ્યા છે અને આજે કોબા સ્થિત ભાજપના મુખ્યાલય કમલમમાં યોજાનારા દિવાળી સ્નેહમિલન પર હવે સમગ્ર રાજયની નજર મંડાઈ છે તેનુ કારણ એ છે કે આગામી દિવસોમાં રાજયના મંત્રી મંડળમાં જ નહી , ભાજપના સંગઠનમાં મોટા ઉલટફેર થાય તેવી પૂરેપૂરી શકયતા છે.

સ્નેહમિલનના કાર્યક્રમ બાદ જાહેરાત થાય તેવી પણ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.



ગુજરાતમાં વહિવટી તંત્ર પર સરકારની પકકડ રહી નથી. વર્તમાન પરિસ્થિતિને જોતા વડાપ્રધાન મોદી તાબડતોબ દિલ્હી થી ગાંધીનગર દોડી આવ્યા હતા. જયાં રાતવાસો કરીને મંત્રીઓ સાથે બેઠકો કરવી પડી હતી. વડાપ્રધાનની દિલ્હી વિદાય બાદ ગુજરાતનુ રાજકારણ ગરમાયુ છે, હવે ગમે તે ઘડીએ મંત્રી મંડળમાં ફેરફાર થશે.

કેટલાક મંત્રીઓની નબળી કામગીરી અને વિવાદોને લઈને તેમની વિદાય લગભગ નકકી માનવામાં આવી રહી છે. હવે કોના પર ગાજ ગરજશે અને કોને મંત્રી મંડળમાં એન્ટ્રી મળશે તે અંગે અત્યાર થી જ તરેહ તરેહ ની રાજકીય અટકળો વહેતી થઈ છે.

ભુપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી પદેથી ખસેડવાનું લગભગ નકકી કરવામાં આવ્યુ છે પણ તેમના સ્થાને કયા પટેલ નેતાને મુકવા તે મુદ્દે ભાજપ હાઈકમાન્ડ હજુ અવઢવમાં છે, તેનુ કારણ એ છે, એ નામ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે હજુ સંમતિ સધાઈ શકી નથી. સાથે સાથે ભુપેન્દ્ર પટેલના સ્થાને મુખ્યમંત્રી પદે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનુ નામ પણ નકકી છે.

તો બીજી તરફ હાલના મંત્રીઓમાં કેટલાક મંત્રીઓને જાણે કામમાં રસ ન હોય તેમ વહિવટી તંત્રની કામગીરી સામે નબળી હોવાનુ ઉપસી રહ્યુ છે. તો બીજી તરફ કેટલાક મંત્રીઓ પ્રજાના કામોમાં નબળા પડયા હોય તેવુ પણ ચિત્ર ઉપસી રહ્યુ છે.

ધ્રોલમાં આમ આદમી પાર્ટીનું શકિતપ્રદર્શન : સ્નેહમિલનમાં ઉમટયું કાર્યકરોનુ મહેરામણ : ગોપાલ ઈટાલીયાના સરકાર પર આકરા પ્રહારો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આમ આદમી પાર્ટી કાલાવડ વિધાનસભા દ્વારા નુતન વર્ષ નિમિત્તે ભવ્ય સ્નેહમિલન સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં કાર્યકરો અને પદાધિકારીઓ ઉમટી પડતા આમ આદમી પાર્ટીએ પોતાની સંગઠનાત્મક તાકાતનુ પ્રદર્શન કર્યુ હતું. કાર્યકરોના ઉત્સાહ અને વિશાળ જનમેદની વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીને લઈને રાજકીય તૈયારીઓનો સંકેતો પણ જોવા મળ્યા હતા.

સમારોહમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જનમેદનીને સંબોધિત કરતા તેમણે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે રાજયના ખેડુતોની કથળતી સ્થિતિ, ખેતી સંબંધિત સમસ્યાઓ અને યુવાનોના ભવિષ્યના મુદ્દાઓ ઉઠાવી સરકારની કામગીરી સામે સવાલો કર્યા હતા. સાથે જ આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટે પરીવર્તનની જરૂરીયાત પર ભાર મુકયો હતો.



કાર્યક્રમમાં સુરતના કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, કોર્પોરેટર પંકજ ચાવડા, પ્રદેશ સંગઠન મંત્રી તેજસ ગાજીપરા, જામનગર જિલ્લા પ્રમુખ વશરામ રાઠોડ, જામનગર લોકસભા પ્રમુખ ડો. જિગ્નેશ સોલંકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાલાવડ વિધાનસભા પ્રભારી ડો. કલ્પેશ મકવાણા, જામનગર રૂરલ વિધાનસભા પ્રભારી પ્રકાશભાઈ દોંગા અને સંગઠન મંત્રી કે પી બથવાર પણ હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનુ આયોજન અને સંકલન ડો. કલ્પેશ મકવાણા દ્વારા કરવામાં આવ્યુ હતું. ખેડુતોના પ્રશ્નો, યુવાનોના હિતો અને ગુજરાતમાં રાજકીય પરીવર્તનના મુદ્દાઓને લઈને આગામી સમયમાં મજબુત લડત આપવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો. ધ્રોલ ના આ સ્નેહમિલન સમારોહમાં ઉમટેલી હજારો કાર્યકરોની જનમેદનીએ જામનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીના સંગઠનમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. હવે જોવાનુ એ રહેશે કે આ સંગઠનાત્મક શકિત ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં કેટલો રાજકીય પ્રભાવ પાડી શકે છે.

ચૂંટણી કમિશનરોની મંજૂરી અને અસંમતિ અંગે સવાલો

રાહુલ ગાંધી અને I.N.D.I.A. ગઠબંધને ચૂંટણી પંચને પૂછ્યા ૪૮ સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને લઈને રાજકીય વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવતાં સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરી છે. આ અરજીમાં ચૂંટણી પંચ પાસેથી કુલ ૪૮ સવાલોના જવાબ સોગંદનામા મારફતે રજૂ કરાવવાની મંજૂરી માગવામાં આવી છે. ખાસ કરીને સમગ્ર દેશમાં SIR લાગુ કરવાનો નિર્ણય કોણે લીધો, મતદાર યાદીમાં ફેરફાર કરવાની સત્તા કોની પાસે હતી અને ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે આ મુદ્દે કોઈ અસંમતિ હતી કે નહીં તેવા સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

વિપક્ષી ગઠબંધને ચૂંટણી પંચને પૂછ્યું છે કે સમગ્ર દેશમાં SIR લાગુ કરવાનો નિર્ણય ક્યારે અને કોના દ્વારા લેવામાં આવ્યો હતો? આ નિર્ણયને મંજૂરી આપતી મૂળ ફાઈલ કઈ છે અને તેની ચોક્કસ તારીખ શું છે? આ ઉપરાંત ફોર્મ-૬માં ફેરફાર કરવાનો નિર્ણય કોણે લીધો હતો અને તેની પાછળ કઈ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી તે અંગે પણ ખુલાસો માગવામાં આવ્યો છે.

અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય બે ચૂંટણી કમિશનર વિવેક જોશી તથા એસ.એસ. સંધુની ભૂમિકા અંગે પણ સવાલો કરવામાં આવ્યા છે.

૨૬ ઓક્ટોબરે ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા જવાબી સોગંદનામાને ત્રણેય કમિશનરોએ ક્યારે અને કેવી રીતે મંજૂરી આપી હતી? શું આ મંજૂરી બેઠકમાં આપવામાં આવી હતી, ફાઈલ પર નોંધ કરવામાં આવી હતી કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી નિર્ણય લેવાયો હતો? આ ઉપરાંત કોઈ નિર્ણયમાં ચૂંટણી કમિશનરોએ લેખિત અસંમતિ દર્શાવી હતી કે કેમ તે અંગે પણ જવાબ માગવામાં આવ્યો છે.

SC-ST અનામત બેઠકોનું રોટેશન ક્યારે અને કેવી રીતે થશે તે સરકાર નક્કી કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં SC-ST અનામત બેઠકોના રોટેશન (બદલાવ) મામલે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વનો અને સ્પષ્ટ આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસની આગેવાની હેઠળની ત્રણ જજોની ખંડપીઠે ચુકાદો આપતા જણાવ્યું છે કે, કોઈપણ મતદાર કે ઉમેદવાર પાસે ચોક્કસ મતક્ષેત્રને SC-ST માટે આરક્ષિત કરાવવાનો કોઈ બંધારણીય કે કાનૂની અધિકાર નથી. બેઠકોનું રોટેશન કઈ પદ્ધતિથી અને કઈ સમયસીમામાં થશે, તેનો નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર સરકાર (કાર્યપાલિકા) ના શિરે રહેલો છે. સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ ચૂંટણીના સીટોના અનામતની પદ્ધતિ અને રોટેશન નિયમ, ૨૦૨૫ ના નિયમ ૧૨ ને પડકારતી અરજી સંપૂર્ણપણે ફગાવી દીધી છે. અરજદારે દલીલ કરી હતી કે નવા સુધારા મુજબ રોટેશન ચક્ર નવેસરથી શરૂ કરવાથી ઓછી જીઝ-જી વસ્તી ધરાવતા વિસ્તારોને ક્યારેય અનામતનો લાભ મળશે નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૫ના સુધારા પછીની આગામી ચૂંટણીને રોટેશન માટે પ્રથમ ચૂંટણી ગણવામાં કશું જ ખોટું નથી.

જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ અવલોકન કર્યું હતું કે બંધારણ અને નિયમો હેઠળ સ્થાનિક સંસ્થાની કુલ વસ્તીમાં જીઝ/જી ના પ્રમાણના આધારે બેઠકોનું અનામત નક્કી થાય છે. કાયદો આરક્ષિત બેઠકોના રોટેશનની જોગવાઈ જરૂર કરે છે, પરંતુ તેની પદ્ધતિ અને સમયગાળો નક્કી કરવો એ સંપૂર્ણપણે સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે.

૨૦૨૭ ની વસ્તી ગણતરી : શું નાગરિકોનું વધુ એક બનાવટી રજિસ્ટર તૈયાર થઈ રહ્યું છે?

(નીડર નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશમાં વસ્તી ગણતરી ૨૦૨૭ માં ૧૪૮ કરોડ લોકોને તેમની માહિતીના સંદર્ભમાં સરકાર પર વિશ્વાસ રાખવા માટે કહેવામાં આવ્યું છે. જ્યારે સરકાર એક એવા પ્લેટફોર્મ દ્વારા અભૂતપૂર્વ માત્રામાં વ્યક્તિગત ડેટા એકત્ર કરી રહી હોય કે જેનો ભૂતકાળમાં સાયબર જાસૂસીના કિસ્સામાં હેક થયાનો ઈતિહાસ રહ્યો છે.

ત્યારે આ વિશ્વાસ ડગમગી જાય છે. પરંપરાગત રીતે, વસ્તી ગણતરીમાં જાહેર નીતિઓ ઘડવા માટે વસ્તી વિષયક અને આવાસ સંબંધી માહિતી એકત્ર કરવામાં આવે છે. પરંતુ વસ્તી ગણતરી ૨૦૨૭ તેનાથી આગળ વધીને એવી વ્યક્તિગત ઓળખ વિગતો માંગે છે, જે ગોપનીયતા, દેખરેખ અને નાગરિકોના ડેટામાં સરકારના રસ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

જ્યારે વસ્તી ગણતરીનો ઉદ્દેશ્ય માત્ર ગણતરી કરવાનો છે, વ્યક્તિઓની ઓળખ કરવાનો નહીં, તો પછી પ્રશ્ન એ છે કેઃ આ દસ્તાવેજ નંબરો, જે તેમને વ્યક્તિઓ સાથે જોડે છે,રેકોર્ડ કરવાનો શું આંકડાકીય હેતુ છે ? વસ્તી ગણતરી કાયદો, ૧૯૪૮, અને વસ્તી ગણતરી માટે સંયુક્ત રાષ્ટ્રના મૂળભૂત સિદ્ધાંતો બંને ભાર મૂકે છે કે વ્યક્તિગત વસ્તી ડેટા ગુપ્ત રાખવો જોઈએ. કાયદાની કલમ ૧૫ વસ્તી ગણતરી રેકોર્ડને નિરીક્ષણથી સુરક્ષિત કરે છે અને તેમને પુરાવા તરીકે અસ્વીકાર્ય બનાવે છે. જો ડેટા અનામી રાખવાનો હોય, તો આ સંખ્યાઓનો સંગ્રહ કયા હેતુ માટે પૂરો પાડે છે? ઘરગથ્થુ સમયપત્રક, માતા-પિતાના નામ, તેમના ધર્મ અને જન્મસ્થળ, ગામડાના સ્તર સુધી પણ માંગે છે.

પરિણીત વ્યક્તિઓને તેમના જીવનસાથી વિશે પૂછવામાં આવે છે. ડિજિટલ અધિકારી જૂથો દલીલ કરે છે કે આવી આંતર-પેઢીગત માહિતી વર્તમાન વસ્તીની ગણતરીથી આગળ વધે છે, જે રાજ્યને કુટુંબ પ્રોફાઇલ્સ બનાવવા અને પેઢીઓ દરમિયાન વ્યક્તિઓને ટ્રેક કરવાની મંજૂરી આપે છે. અહીં મામલો ફક્ત એ નથી કે સરકાર કાયદેસર રીતે આવી માહિતી માંગવાની હકદાર છે કે નહીં. નાગરિકો સમજે છે કે એકત્રિત કરવામાં આવતી માહિતીનો ઉપયોગ કેવી રીતે થશે ? અને કોની પાસે તેની માહિતી હશે? જેની જાળવણી કેટલો સમય રહેશે ? આ મોટી ચિંતા નાગરિકોને સતાવી રહી છે.

ભારતના નાગરિકના જ્યારે મતદાર યાદીમાંથી જ નામ ગાયબ થતાં હોય ત્યારે પોતાની જ ઓળખ સાબિત કરવા ક્યાં સુધી લડવું પડશે?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ભારતીય નાગરિકનું મતદાર યાદીમાં નામ હોવું એટલે માત્ર સરકારી ચોપડે નોંધાયેલી એક પ્રકારની વિગતો નથી. પરંતુ એ ભારતીય નાગરિકને દેશના શાસનના નિર્ણયમાં ભાગીદાર બનાવતી તેની ઓળખ છે. પરંતુ કલ્પના કરો કે જે વ્યક્તિ વર્ષોથી મતદાન કરતી આવી હોય, ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરતી આવી હોય તેનું નામ એક દિવસ અચાનક મતદાર યાદીમાંથી ગાયબ થઈ જાય? હવે તેણે પોતાની જ ઓળખ સાબિત કરવા માટે સરકારી કચેરીઓના દરવાજા ખખડાવવા પડે અને અગાઉથી નોંધાયેલા મતદાર હોવા છતાં નવેસરથી નોંધણી કરાવવાની ફરજ પડે છે. આ સ્થિતિ માત્ર વહીવટી ગૂંચવણ નથી, પરંતુ ચૂંટણી વ્યવસ્થાની વિશ્વસનીયતા સામે ઊભો થયેલો ગંભીર સવાલ છે. મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા નાગરિકની સુવિધા માટે છે કે નાગરિકે જ આ પ્રક્રિયા સામે પોતાની નિર્દોષતા સાબિત કરવાની છે?

જ્યારે સુપ્રીમ કોર્ટના સવાલો ચૂંટણી પંચ માટે માત્ર સ્પષ્ટતા આપવાની તક નથી, પરંતુ સમગ્ર પ્રક્રિયાની ખામીઓ સુધારવાની ચેતવણી પણ છે. ચૂંટણી પંચે અગાઉથી નોંધાયેલા મતદારોનાં નામ દૂર થવાના કારણો, તેમની પુનઃ નોંધણીની યોગ્ય પધ્ધતિ અને અપીલની સરળ વ્યવસ્થા અંગે સ્પષ્ટ નીતિ જાહેર કરવી જોઈએ. કોઈપણ સંજોગોમાં નાગરિકને પોતાની જ મતદાર તરીકેની ઓળખ માટે બિનજરૂરી સંઘર્ષ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થવી ન જોઈએ. કેમ કે ચૂંટણીની વિશ્વસનીયતા માત્ર મતદાન મથક પર થતી પ્રક્રિયાથી નક્કી થતી નથી. એ મતદાર યાદીની પારદર્શિતા અને દરેક પાત્ર નાગરિકના અધિકારની સુરક્ષાથી પણ નક્કી થાય છે. યાદ રાખવું જોઈએ કે મતદાર યાદીમાંથી એક ખોટું નામ દૂર કરવું વહીવટી સુધારો હોઈ શકે, પરંતુ એક સાચું નામ દૂર થવું ગંભીર અન્યાય છે. મતાધિકાર નાગરિકનો અધિકાર છે, કોઈ સરકારનો ઉપકાર નહીં.

સર (SIR) માટે જે સવાલો ઊભા થયા છે એ છે કે જ્યારે સને ૨૦૧૯ અને સને ૨૦૨૪ની ચૂંટણીઓ થઈ ત્યારે આ પ્રકારની કામગીરી સરકાર તરફથી કરવામાં નતી આવી, પરંતુ સને ૨૦૨૯ ની ચૂંટણીઓ પહેલા આ પ્રકારની કામગીરી જરૂર સરકારને પોતાની નાવ ડૂબવાનો અહેસાસ કરાવી રહી છે.

અમદાવાદ જિલ્લાની ગ્રામ પંચાયતોનો બાકી વેરો ૨૦૦ કરોડને પાર: ૩૦૦ તલાટીઓને ફટકારાઈ નોટીસ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લાની ૪૬૫ ગ્રામ પંચાયતોના બાકી વેરાનો આંકડો રૂપીયા ૨૦૦ કરોડને પાર પહોચી ગયો છે. જેની વસુલાત નહી કરનારા અંદાજે ૩૦૦ તલાટી કમ મંત્રીઓને નોટીસો ફટકારવામાં આવી છે. જેમાંથી જિલ્લા પંચાયતની નોટીસને ઘોળીને પી જનારા ૨૭ તલાટીઓને અંતિમ નોટીસ ફટકારી દેવાઈ છે. ખરેખર તો તલાટીઓની સાથે જિલ્લા પંચાયતના ચુંટાયેલા પ્રતિનિધિઓએ પણ કરવેરા ની વસુલાતમાં પુરતો સહયોગ આપવો જોઈએ. પરંતુ સદસ્યો ને આ બાબતમાં કોઈ રસ નથી, પ્રતિ વર્ષ કરવેરાની બાકી રકમ વધી રહી છે. જેની સામે વિવિધ સમિતિઓની ગ્રાન્ટ પણ સતત વધતી રહે છે.



જિલ્લામાં દર વરસે નવી આકારણી થાય છે. આ સિવાય નવા બાંધકામોની પણ ગણતરી કરીને કરવેરાની વસુલાત કરાતી હોય છે. પરંતુ આ આકારણી અને નવા બાંધકામોની ગણતરીમાં પોલંપોલ ચાલતી હોવાનો સ્થાનિક આગેવાનોએ આક્ષેપ કર્યો છે. ખરેખર ગ્રામ પંચાયતોના કર ની પારદર્શક ગણતરી થાય તો પ્રતિવર્ષ માંગણુ રૂપીયા ૧૦૦ કરોડથી વધારે થાય પરંતુ તલાટીઓની લાપરવાહી કે પછી મીલીભગતને લીધે છેલ્લા કેટલાક સમયથી આ આંકડો રૂપીયા ૨૦૦ કરોડની આસપાસ સ્થિર થઈ ગયો છે. જેની સામે ૯ તાલુકાના ૪૬૫ ગામડાઓમાં સંખ્યાબંધ નવા બાંધકામો ખડકાઈ ગયા છે. તેમ છતાં કરની રકમ ઠેર ની ઠેર રહી છે. જિલ્લા પંચાયતના સુત્રોએ જણાવ્યુ હતુ કે ચાલુ વરસે અત્યાર સુધીમાં ૨૦ ટકા જેટલી વસુલાત થઈ છે અને વર્ષના અંત સુધીમાં આ આંકડો માંડ ૫૦ ટકા સુધી પહોચવાની શકયતા છે. તલાટીઓને નોટીસ આપ્યા છતાં કરવેરાની વસુલાતમાં ભારે ઢીલાશ જોવા મળી રહી છે. જેથી હવે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓને નોટીસ પાઠવી ખુલાસો પુછવામાં આવશે. ગ્રામ પંચાયતોના બાકી લેણાની રકમ સતત વધી રહી છે. જેની સામે વસુલાત ધાર્યા મુજબ થતી નથી. આ મામલે જિલ્લા વિકાસ અધિકારીએ પણ ભારે નારાજગી વ્યકત કરી છે. જેથી આગામી દિવસોમાં કામચોર તંત્ર સામે કડક વલણ દાખવી ટીડીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ અને કાર્યવાહીના આદેશ પણ થઈ શકે છે.

સાબરકાંઠા બેંકના ચેરમેન અને પૂર્વ ચેરમેનના ભ્રષ્ટાચારે કર્મચારીઓની સાથે લોકોની દિવાળી બગાડી

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વરસોથી કાર્યક્ષેત્ર ધરાવતી બે સહકારી સંસ્થાઓ ઉપરાંત અન્ય સહકારી સંસ્થાઓમાં વરસોથી પૈસાના જોરે દેખાવ ખાતર ચુંટણી લડીને હોદ્દો ભોગવતા સહકારી અગ્રણીઓએ આ બધી સહકારી સંસ્થાઓને પોતાની જાગીર સમજીને સગાવાદ ચલાવીને પોતાની ઈચ્છા થાય ત્યારે બોર્ડમાં ઠરાવ કર્યા બાદ જિલ્લા રજીસ્ટ્રાર સહિત રાજયના સહકાર વિભાગની મંજુરી લીધા બાદ જાહેરાતો આપીને કર્મચારીઓની ભરતી કરીને સગાવાદ ચલાવી લાખો રૂપીયા લીધા બાદ લાયકાત ન હોવા છતાં નોકરી આપીને આ સહકારી સંસ્થાઓની આર્થિક કમર તોડી નાંખવામાં કશુ બાકી રાખ્યુ નથી.

ત્યારે તેના સામાજિક રીતે વેવાઈ-વેવાણના નાતે સાબરકાંઠા બેંકમાં સત્તા પર રહીને ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરીને હોદ્દા પર રહી કાયદાની છટકબારીઓ શોધીને મુદત પુરી થાય ત્યાં સુધી હોદ્દા પર રહી જે કરતુત કર્યા છે તે હવે જગજાહેર થઈ ગયા છે. વાત જાણે એમ છે કે વરસો અગાઉ જયારે સાબરડેરી અને સાબરકાંઠા બેંકની સ્થાપના થઈ ત્યારે આ બંને સંસ્થાઓમાં ગ્રામીણ પ્રજા પાસેથી શેર ભંડોળ લીધા બાદ તે પૈસામાંથી સ્થાપકોએ આ બંને સહકારી સંસ્થાઓનો પાયો નાંખ્યો હતો. ત્યારબાદ સમય જતા સાબરડેરી



અને સાબરકાંઠા બેંક આજે સફળતાના શીખરો સર કરીને સમગ્ર ગુજરાતમાં નામના મેળવી છે. પરંતુ છેલ્લા કેટલાક વરસોથી આ બંને સંસ્થાઓમાં વગ વાપરીને અવાર નવાર ડીરેકટર બન્યા બાદ તેઓએ મામકાઓને નોકરી અપાવવાના બહાને જાહેરાતો આપીને ભરતી કરવા માટે ખાનગી એજન્સીને લાખો રૂપીયા આપીને આ સંસ્થાના સહકારી અગ્રણીઓ જાણે કે અમે પ્રમાણિકતાથી ભરતી કરવા માંગીએ છીએ તેવી છાપ ઉભી કરીને કાયદાનો ભંગ ન થાય તે માટે દેખાવ ખાતર લેખિત પરીક્ષા લીધા બાદ ડીરેકટરોની સુચના મુજબ મૌખિક ઈન્ટરવ્યુ લઈને રાતોરાત નોકરીના ઓર્ડર આપી દીધા હોવાના પુરાવા પ્રજા પાસે છે.

પરંતુ તેઓ કોર્ટનો આશરો લેતા હોવા છતાં આ સહકારી અગ્રણીઓ પોતાનો ભ્રષ્ટાચાર બહાર ન આવે તે માટે મોટા વકીલોને તગડી ફી આપીને હાઈકોર્ટ તથા નોમીનીઝ કોર્ટમાં કેસ ચાલુ હોય તો પણ કાયદાની છટકબારી શોધીને પોતાના લાગતા વળગતાઓને નોકરી પર બેસાડીને ૬ કે ૧૨ મહિના બાદ ખાનગીમાં કાયમી કરી દે છે અને પગાર પણ વધારી આપે છે. એકાદ વર્ષ અગાઉ સાબરકાંઠા બેંક તથા તેના પૂર્વે સાબરડેરીએ જે ઉમેદવારોને પસંદ કરી નોકરી આપી છે. તેમની પાસેથી ઉમેદવાર દીઠ રૂપીયા ૪૦ થી ૫૦ લાખ લઈ લીધા છે. ખાસ કરીને સામાન્ય વર્ગમાંથી આવતા તથા લાયકાત ધરાવતા ઉમેદવારોને ભારોભાર અન્યાય થયો છે. અહી પણ કેટલાક કિસ્સાઓમાં લાયકાત અને ઉંમરનો બાધ રાખવામાં આવ્યો નથી. જે મામલે ગમે તે એક સંસ્થામાં કરાયેલી ભરતી મામલે અરવલ્લી જિલ્લાની એક સહકારી સંસ્થાના ચેરમેને હાઈકોર્ટમાં જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે રીટ કરી છે. પરંતુ હજુ સુધી તેનો કોઈ અંતિમ ચુકાદો આવ્યો નથી. તેમ છતાં બંને જિલ્લાના સહકારી અગ્રણીઓ તક મળે ત્યારે પોતાનુ ધાર્યુ કરી લેવાની એકપણ તક ચુકતા નથી. હાલના તબકકે સાબરડેરી અને સાબરકાંઠા બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી બળવાખોર નેતાઓને કારણે સરકારને મોકુફ રાખવાની ફરજ પડી છે જેના લીધે બંને જિલ્લાના સહકારી અગ્રણીઓની હાલના તબકકે દિવાળી બગડી ગઈ હોય તેવી ચર્ચાએ જોર પકડયુ છે. એટલુ ન જ નહી પણ કેટલાક સહકારી અગ્રણીઓએ પોતાના મોબાઈલ બંધ કરી જાહેર સંપર્કો પર અલ્પવિરામ મુકી દીધુ છે. એવી પણ ચર્ચા થઈ છે કે દિવાળીના તહેવારો દરમિયાન રૂબરૂ મુલાકાતે આવતા હિતેચ્છુઓ અને રાજકીય તથા સહકારી અગ્રણીઓ સમક્ષ ભ્રષ્ટાચાર અને અન્ય બાબતો અંગે ચર્ચા ન કરવી પડે તે માટે કેટલાક તો રાજયબહાર જતા રહ્યા છે. પરંતુ સહકારી ક્ષેત્રમાં ચાલતી તમામ હિલચાલથી વાકેફ રહેવા માટે કેટલાક બાતમીદારો સાથે સતત સંપર્ક રાખી રહ્યા છે. આ બંને સહકારી સંસ્થાઓમાં પ્રમાણિકતા વહિવટ કરે તેવા કુશળ ડીરેકટરો અને અધિકારીઓના હાથમાં સંચાલનનુ સુકાન સોંપવામાં નહી આવે તો ભવિષ્યમાં શું થશે તેની કલ્પના કરવી રહી.

ડીઈઓ ની ગેરહાજરીમાં એ જ જિલ્લાના અધિકારીને ચાર્જ સોંપાશે : રજા માં ચાર્જનો નિર્ણય નિયામક લેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ડીઈઓ અને ડીપીઈઓ ૧૫ દિવસ કે તેથી ઓછી રજા પર જાય ત્યારે ચાર્જ સોંપવાની સત્તા સીધી ખાતાના વડા એટલે કે નિયામકને સુપ્રત કરાઈ છે. રાજયના શિક્ષણ વિભાગના પરીપત્ર મુજબ આ નવી વહિવટી વ્યવસ્થા તાત્કાલીક અસરથી લાગુ કરાઈ છે. અત્યાર સુધી એવુ જોવા મળતુ હતુ કે વર્ગ-૧ ના અધિકારીઓની ટુંકા ગાળાની રજાઓની દરખાસ્તો અંતિમ સમય મળતી હતી. જેના કારણે સમયસર ચાર્જ સોંપવાના આદેશ ન થવાથી શૈક્ષણિક અને વહિવટી કામગીરી પર માઠી



અસર પડતી હતી. આ વિલંબને નિવારવા માટે સરકારે સત્તાઓનુ વિકેન્દ્રીકરણ કર્યુ છે. નકકી કરાયેલા નિયમો અનુસાર ડીઈઓ રજા પર હોય ત્યારે કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા અને ડીપીઈઓ ની રજા દરમિયાન પ્રાથમિક શિક્ષણ નિયામક ની કચેરી દ્વારા ચાર્જ સોંપણીના હુકમો કરાશે.

સામાન્ય સંજોગોમાં આ અધિકારીઓએ રજા પર હોય ત્યારે અરસપરસ એક બીજાને હવાલો સોંપવાનો રહેશે. જો કોઈ વિશેષ પરિસ્થિતિમાં ડીઈઓ અને ડીપીઈઓ બંને એક જ સમયે રજા પર હોય તો સંબંધિત કચેરીમાંથી જ વર્ગ-૨ ના વરીષ્ઠ અધિકારીને ચાર્જ સોંપવાની વ્યવસ્થા ખાતાના વડાએ કરવાની રહેશે. શિક્ષણ વિભાગ હસ્તકની અન્ય સમકક્ષ જગ્યાઓ માટે પણ આ જ નિયમ લાગુ પડશે. આ સત્તા સોંપણી માત્ર મહત્તમ ૧૫ દિવસ સુધીના ચાર્જ માટે જ મર્યાદીત રખાઈ છે. જો કોઈ અધિકારી ૧૫ દિવસથી વધુ સમયની રજા પર જવાના હોય ત્યારે રજા શરૂ થવાના ૭ દિવસ અગાઉ તમામ જરૂરી વિગતો સાથેની દરખાસ્ત શિક્ષણ વિભાગને મોકલી આપવાની રહેશે. આ ઉપરાંત જો ૧૫ દિવસની રજા પૂર્ણ થયા બાદ અધિકારીની રજા લંબાવવામાં આવે તો અગાઉ સોંપેલો ચાર્જ યથાવત રાખવા માટે વિભાગની પૂર્વ મંજુરી મેળવવી અનિવાર્ય રહેશે.

રાજ્યના ૨૦૬ જળાશયોમાં માત્ર ૬૧.૫૮ ટકા પાણી, ઉનાળાની ચિંતા વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના જળાશયોમાં જળસંગ્રહ ઘટતાં આગામી સમયમાં પાણીની સમસ્યા સર્જાવાની ભીતિ ઊભી થઈ છે. રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં હાલ સરેરાશ ૬૧.૫૮ ટકા જળસંગ્રહ નોંધાયો છે. ચિંતાજનક બાબત એ છે કે રાજ્યના ૯૦ જળાશયોમાં પાણીનો જથ્થો ૨૫ ટકાથી પણ ઓછો રહ્યો છે, જેના કારણે આગામી દિવસોમાં પાણીના આયોજનને લઈને ચિંતા વધી છે.રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના મળીને માત્ર પાંચ જળાશયો સંપૂર્ણ ભરાયેલા છે. બીજી તરફ મોટાભાગના જળાશયોમાં પાણીનો જથ્થો ઘટતાં ઉનાળા દરમિયાન પીવાના પાણી તેમજ સિંચાઈ માટે મુશ્કેલી ઊભી થવાની શકયતા છે. ખાસ કરીને ઓછા જળસંગ્રહ ધરાવતા વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા જાળવવી તંત્ર માટે પડકારરૂપ બની શકે છે.જીવાદોરી નર્મદા ડેમ ભરાયેલો રહેતા રાહતરાજયની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પૂરતો જળસંગ્રહ હોવાને કારણે હાલ રાજ્યને મોટી રાહત મળી રહી છે. નર્મદા ડેમમાં હાલમાં ૯૬.૭૭ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. નર્મદા ડેમમાં ઊંચા જળસંગ્રહને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં પાણીની જરૂરિયાત પૂરી કરવામાં મદદ મળી શકે છે.જળસંગ્રહનો કરકસરપૂર્વક ઉપયોગ જરૂરી સાબિત થશેએક તરફ નર્મદા ડેમમાં સંતોષકારક જળસંગ્રહ રાહત આપી રહ્યો છે, તો બીજી તરફ રાજ્યના અન્ય જળાશયોમાં ઘટતો પાણીનો જથ્થો ચિંતાનો વિષય બન્યો છે.

કપાસના ૪ વરસમાં ભાવ ૮,૮૨૯ થી ઘટીને ૭,૨૪૯ રૂપીયા પ્રતિ કિવન્ટલ થઈ ગયા

૪ વરસમાં કપાસના ભાવ પ્રતિ કિવન્ટલે ૧૫૮૦ રૂપીયા ગગડયા : બિયારણ-ખાતર અને મજુરીના વધતા ખર્ચ વચ્ચે ગુજરાતના ખેડુતોની હાલત કફોડી

પ્રતિનિધિ,ગાંધીનગર

એક સમયે ગુજરાતના ખેડુતો માટે સારી આવકનો આધાર ગણાતી કપાસની ખેતી હવે આર્થિક બોજ બની રહી છે. એકતરફ બિયારણ, ખાતર અને મજુરીનો ખર્ચ સતત વધી રહ્યો છે. તો બીજી તરફ કપાસના બજારભાવમાં ઘટાડો થતા ખેડુતો માટે ઉત્પાદન ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો છે.

૪ વરસમાં કપાસના સરેરાશ ભાવ પ્રતિ કિવન્ટલે ૧,૫૮૦ રૂપીયા ઘટયા છે. પરીણામે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ખેડુતો દેવાના વધતા દબાણનો સામનો કરી રહ્યા છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના આંકડા મુજબ ૨૦૨૨-૨૩ માં કપાસનો સરેરાશ મોડલ ભાવ પ્રતિ કિવન્ટલ ૮,૮૨૯ રૂપીયા હતો. જે ૨૦૨૫-૨૬ માં ઘટીને ૭,૨૪૯ રૂપીયા થયો છે. આમ ૪ વરસમાં પ્રતિ કિવન્ટલ ૧,૫૮૦ રૂપીયાનો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૩-૨૪ પછી ભાવમાં થોડો



સુધારો થયો હતો. પરંતુ ૨૦૨૫-૨૬ માં પણ ભાવ ૨૦૨૨-૨૩ ના સ્તર કરતા ઘણો નીચો રહ્યો હતો. ખેડુતોના કહેવા પ્રમાણે કપાસની ખેતી માટે મોંઘા બિયારણ, ખાતર અને મજુરી પાછળનો ખર્ચ સતત વધી રહ્યો છે.

એકર દીઠ હજારો રૂપીયાનુ રોકાણ કર્યા બાદ પાક તૈયાર થાય છે. પરંતુ બજારમાં વેચાણ વખતે પુરતા ભાવ મળતા નથી, ખેડુતોનો આક્ષેપ છે કે સરકારી ખરીદી પુરતા પ્રમાણમાં થતી નથી અને વેપારીઓની મીલીભગતને કારણે પણ બજારમાં તેમને યોગ્ય ભાવ મળતા નથી. ખેડુતોનુ કહેવુ છે કે કપાસ માટે જાહેર કરવામાં આવતા ટેકાના ભાવ પણ વાસ્તવિક ઉત્પાદન ખર્ચને પહોચી વળે તેવા નથી. પરીણામે પાક તૈયાર કરવા અને તેની લણણી પાછળ મોટો ખર્ચ કરનારા ખેડુતોને બજારમાંથી વળતર મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.

કપાસના ભાવમાં ઘટાડાના કારણે ખેડુતોની લોન ચુકવવાની પણ મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ખેડુતો સહકારી મંડળીઓ તથા બેંકો પાસેથી લીધેલી લોન ભરવાના દબાણનો સામનો કરી રહ્યા છે. કુદરતી આફતોને કારણે થયેલુ નુકશાન, ખેતીના વધતા ખર્ચ અને બજારમાં કપાસના નીચા ભાવને કારણે ખેડુતોની આર્થિક સ્થિતિ વધુ કથળી છે. ૨૦૨૨-૨૩ ની સરખામણીએ કપાસના ભાવ હજુ નીચા હોવાથી ઘરખર્ચ ચલાવવો, જુની લોન ચુકવવી અને આગામી વાવેતર માટે નાણાંની વ્યવસ્થા કરવી ખેડુતો માટે પડકારરૂપ બની છે.

રાજયના પૂર્વ શિક્ષણમંત્રી અને ભાજપના વરીષ્ઠ આગેવાન હિરાજી ડામોરનું હાર્ટ એટેક થી નિધન : રાજકીય જગતમાં શોક ની લાગણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકીય અને સામાજિક ક્ષેત્રમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર પ્રાપ્ત થયા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કાલીયાકુવાના વતની ભારતીય જનતા પાર્ટીના વરીષ્ઠ આગેવાન અને ગુજરાત સરકારના પૂર્વ શિક્ષણમંત્રી હિરાજી વાલાજી ડામોરનું નિધન થયુ છે. હાર્ટ એટેક આવવાના કારણે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.તેમના અચાનક



અવસાનના સમાચાર વાયુવેગે ફેલાતા જ રાજયના રાજકીય જગત સહિત સમગ્ર મેઘરજ તાલુકામાં ઘેરાશોકની લાગણી પ્રસરી ગઈ છે. હિરાજી ડામોરના અવસાનથી આદિવાસી સમાજ તેમજ ગુજરાત ના રાજકીય જગતને કયારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. એક પીઢ આગેવાન અને પૂર્વ શિક્ષણમંત્રી તરીકે તેમણે જાહેર જીવનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હતું. તેમના નિધનના સમાચાર મળતા જ ભાજપના કાર્યકરો, આગેવાનો અને સ્થાનિક નાગરીકોમાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે અને સમગ્ર પંથકમાં ગમગીનીભર્યો શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

CNGના ભાવમાં ભડકોઃ ગુજરાત ગેસે પ્રતિ કિલો ૫ રૂપિયાનો વધારો ઝીંક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મોંઘવારીનો સામનો કરી રહેલા વાહનચાલકો માટે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. પેટ્રોલ અને ડીઝલ બાદ હવે CNGના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અદાણી ગેસ બાદ ગુજરાત ગેસે પણ CNGના ભાવમાં પ્રતિ કિલો ૫ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. આ વધારા સાથે ગુજરાત ગેસનો CNG ભાવ રૂ. ૮૮.૭૬થી વધીને રૂ. ૯૩.૭૬ પ્રતિ કિલો થયો છે. નવો ભાવ રાતથી અમલી બન્યો છે.

મોંઘવારીનો માર સહન કરી રહેલા વાહનચાલકો માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGના ભાવમાં પણ ભડકો થયો છે. અદાણી ગેસ બાદ ગુજરાત એનર્જી એટલે કે ગુજરાત ગેસે પણ CNGના ભાવમાં પ્રતિ કિલો ૫ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંક્યો છે. આ ભાવવધારા સાથે ગુજરાત ગેસનો CNGનો ભાવ ૮૮.૭૬ રૂપિયાથી વધીને સીધો ૯૩.૭૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. નવો ભાવ રાતથી જ અમલી બન્યો.

ચાર મહિનામાં બીજી વખત CNGના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૧૮ ઓગસ્ટે પણ ૩.૭૫ રૂપિયાનો વધારો ઝીંકાયો હતો. બીજી તરફ અદાણી ગેસે તો માત્ર ૧૩ દિવસમાં બે વખત ભાવવધારો કરીને CNGના ભાવ ૧૦૦.૭૭ રૂપિયા સુધી પહોંચાડી દીધા.

CNGના ભાવમાં સતત વધારાથી હવે રિક્ષાચાલકો, ટેક્સીચાલકો અને CNG કારચાલકોના ખિસ્સા પર સીધી અસર પડશે. ગેસ ભરાવવાનો ખર્ચ વધશે તો પરિવહન ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા છે. અંતે આ વધારાનો બોજ સામાન્ય નાગરિકોના ખિસ્સા પર જ પડશે.